કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી :-
90990 79304, 9638560091
હોથીના ઘરની સામે, છડ ફરિયો, નલિયા, તાલુકા અબડાસા - કચ્છ

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૬ મે, ૨૦૨૫ શુક્રવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૩૦૦◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ વૈશાખ વદ-૪◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### કાન ખોલીને સાંભળી લે પાકિસ્તાન, આતંકવાદ સાંખી નહી લેવાય : રક્ષાપ્રધાન

# રાજનાથસિંહ કચ્છમાં : પાક.ને સ્પષ્ટ ચેતવણી

**ઓપરેશન સિંદુર બાદ પ્રથમ વખત કચ્છ સરહદે પહોચ્યા રક્ષામંત્રી : ભુજ એરબેઝની રાજનાથસિંહે લીધી જાત મુલાકાત : વાયુસેના-બીએસએફ-આર્મીના જવાનો ઉપરાંત સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ સાથે કરી મુલાકાત**

### યે તો સિર્ફ ટ્રેઈલર હે, પિક્ચર અભી બાકી હે..!

## કચ્છ ની માટી માં દેશભક્તિની અનેરી સુવાસ :રાજનાથસિંહ

**ઓપરેશન સિંદુર હજુ પૂર્ણ નથી થયુ, યથાવત છે, પાક અડપલા કરશે તો કડકમાં કડક જવાબ અપાશે : રક્ષામંત્રી**



**ભારતીય સેનાએ પાકિસ્તાનને ધોળા દિવસે તારા દેખાડયા : ભુજમાંથી રાજનાથસિંહની ગર્જના**





**ભુજ એરબેઝ મધ્યે રક્ષામંત્રીએ કર્યું સંબોધન : સૈન્ય જવાનોના કર્યા ભરપેટ વખાણ : ઓપરેશન સીંદુર, યશસ્વી વડાપ્રધાન મોદીજી, ભારતીય વાયુસેનાની શકિતનો દુનીયાને પરચો, પાકીસ્તાનમાં આતંકવાદને ડામવું, પાકીસ્તાના પરમાણું હથિયારો પરત લેવા, ભારતની શાંતીનો ભંગ કરનારને નહી છોડાય, સીઝફાયર ભંગ કરાશે તો પાકીસ્તાને વધુ કડક જવાબ અપાશે, આઈએમએફ પાકીસ્તાનને આર્થીક મદદ ન કરે, બ્રહ્મોસ મિસાઈલ, ઓપરેશન સિદુર સહિતના વિષયોની રક્ષામંત્રીએ કરાઈ છણાવટ**

**રાજનાથસિંહની સાથે ઓપરેશન સિંદુર બાદ સરંક્ષણ લેફટેનન્ટ જનરલ ધીરજ શેઠ તથા જનરલ ઓફીસર કમાન્ડીંગ ઈન ચીફ સર્ધન કમાન્ડ પણ રહ્યા હાજર : ઓપરેશન સિંદુરમા ગુજરાત યુનિટની ભુમિકા-રોલ બાબતે સરંક્ષણ પ્રધાનને અધિકારીઓએકર્યા અવગત**

ભુજ : આજ રોજ ભુજ ખાતે આવી પહોંચલા કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહે અહી ઉદબોધન કરી અને નાપાક મુલકની સામે સ્પષ્ટ લાલઆંખ કરી અને ભારતીય સેનાના જવાનોના ભરપેટ વખાણ કર્યા હતા. તેઓએ કહ્યુ હતુ કે, કચ્છની આ માટીમાં દેશભકિતની ખુશ્બુ છે. અહીના જવાનો ભારતની સુરક્ષા માટે અડગ સંકલ્પ ધરાવી રહ્યા છે. હુ ગઈકાલે શ્રીનગરમાં સેનાના જવાનોને

અનુસંધાન પાના નં.૪ પર



કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહને ભુજ એરબેઝ ખાતે એર ચીફ માર્સલ એ.પી.સિંહે ઓપરેશન સિંદુર દરમ્યાનની ભજવાયેલી ભુમિકા, શસ્ત્ર-સરંજામ સહિતના મામલે માહીતીઓ આપી હતી.

## રક્ષામંત્રીને ભુજ વિમાનીમથકે શિસ્તબદ્ધ આવકાર





દેશના એરચીફ માર્સલ એ.કે.સીંહ રહ્યા હાજર

ઓપરેશન સિંદુર બાદ આજ રોજ કેન્દ્રીય રક્ષામંત્રી નિર્ધારીત સમય અનુસાર ભુજ વિમાનીમથકે આવી પહોચ્યા હતા. તેઓની સાથે એરફોર્સના દેશના વડા એ.કે. સી/ગ અહી હાજર રહ્યા હતા. રક્ષામંત્રીને અહી તેમને કચ્છ કલેકટર ડો. આનંદ પટેલ, ઉપરાંત પશ્ચીમ કચ્છ એસપીશ્રી વિકાસ સુંડા, આર્મી-નેવી-બીએસએફ સહીતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભુજ : ઓપરેશન સિંદુરને સફળતા પૂર્વક પાર પાડયા બાદ દેશના સરંક્ષણ પ્રધાન રાજનાથસિંહ આજ રોજ પ્રથમ જ વખત ગુજરાત-કચ્છ-ભુજ આવી પહોચ્યા છે. આજ રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે તેઓ ભુજ વિમાનીમથક આવી પહોચ્યા હતા જયા તેઓને શિષ્ટાચાર અનુસાર આવકાર આપવામા આવ્યો હતો. રાજનાથસિંહ ભુજ વિમાનીમથકેથી ભુજ એરબેઝ પહોચ્યા હતા અને ત્યા તેઓએ અધિકારીગણ પાસેથી સમગ્ર ભુજ એરબેઝ વિભાગની માહીતીઓ મેળવી અને જાત સમીક્ષાઓ કરી હતી. નોધનીય છે કે, પાકીસ્તાને યુદ્ધના તણાવ વખતે ભુજ એરબેઝને નુકસાન પહોચાડયુ હોવાનો પોકળ ખોટો દાવો કર્યો હતો. સરંક્ષણ પ્રધાનશ્રી

અનુસંધાન પાના નં.૪ પર

## ભુજનું સ્મૃતિવન વિનાશ પર વિકાસની સાફલ્ય ગાથા : રાજનાથસિંહ

**કેન્દ્રિય સંરક્ષણ મંત્રીએ સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રાહલયની લીધી મુલાકાત : વર્ષ ૨૦૦૧ મા આવેલા વિનાશક ભૂકંપનો ભોગ બનેલા દિવંગતોને આપી શ્રદ્ધાંજલિ**

ભુજ : આજરોજ કચ્છના પ્રવાસે આવેલા કેન્દ્રિય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ ભુજના સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રાહલયની મુલાકાત લીધી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામ બાદ ભારતીય સુરક્ષા દળોના જુસ્સાને બુલંદ બનાવવા અને સેનાની ત્રણેય પાંખ, સીમા સુરક્ષા દળના જવાનો અને અધિકારીઓને તેમની વિરતા અને બહાદુરી ભર્યા પરાક્રમ બદલ પીઠ થાબડતા કચ્છની મુલાકાતે આવેલા કેન્દ્રિય સંરક્ષણ મંત્રીએ ભુજના ભૂકંપના ભોગગ્રસ્તોની સ્મૃતિને કાયમ રાખવા બનેલા સ્મૃતિવન અર્થકવેક મ્યુઝિયમની પણ મુલાકાત લીધી હતી. આ તકે તેમણે ભુજના સ્મૃતિવનને

અનુસંધાન પાના નં.૪ પર




**કેન્દ્રીય રક્ષામંત્રીને ટીમ કચ્છ ભાજપ દ્વારા આવકાર**



કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહએ સ્મૃતીવનની મુલાકાત લીધી હતી તે વખતે ટીમ કચ્છ ભાજપના જિલ્લા પ્રમુખ દેવજીભાઈ વરચંદ, સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, તમામ ધારાસભ્યશ્રીઓ કેશુભાઈ પટેલ, વિરેન્દ્રસિંહ જાડેજા, ત્રિકમભાઈ છાંગા, માલતીબેન મહેશ્વરી, પ્રદુમનસિંહ જાડેજા, અનિરૂદ્ધ દવે દ્વારા ઉષ્માભેર સ્વાગત કરાયુ હતુ.

## ૧ સપ્તાહમાં જ મળી શકે છે ગુજરાતને નવા પ્રદેશ ભાજપ અધ્યક્ષ

(એજન્સીદ્વારા)ગાંધીનગર: ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષનું ગુંચવાયેલુ કોકડું બહુ ઝડપથી ઉકેલાઈ જાય તેમ લાગી રહ્યું છે. આગામી એક સપ્તાહની અંદર ગુજરાત ભાજપને નવા પ્રદેશ અધ્યક્ષ મળે તે દિશામાં ક્વાયત તેજ થઈ રહી હોવાનું જાણવા મળી રહ્યુ છે.પ્રદેશ ભાજપ અધ્યક્ષપદે સી. આર. પાટીલના અનુગામી તરીકે કોણ એ સવાલ લાંબા સમયથી ચર્ચાઈ રહ્યો છે અને ખુદ સી.આર. પાટીલ પણ બદલાવનો સંકેત આપી ચુક્યા છે પણ નવા પ્રદેશ અધ્યક્ષની જાહેરાત સતત વિલંબમાં પડી રહી છે. ભાજપમાં સંગઠવ પર્વ પૂર્ણ થયા બાદ પ્રદેશ અધ્યક્ષની જાહેરાત કરાશે તેવી ગણતરી હતી પરંતુ બાદમાં ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવપૂર્ણ માહોલ બનતા બધી બાબતો હાંસિયામાં ધકેલાઈ ગઈ. જોકે હવે બંને દેશો વચ્ચે માહોલ શાંતિપૂર્ણ થતાં વધુ એક વખત પ્રદેશ ભાજપ અધ્યક્ષની નિમણુક અને મંત્રી મંડળ વિસ્તરણની વાતોએ જોર પકડયુ છે.આગામી સપ્તાહમાં ગુજરાતને મળશે નવા પ્રદેશ અધ્યક્ષએક અનુમાન મુજબ

અનુસંધાન પાના નં.૪ પર

## પાક.ના ભોલારી એરબેઝને ભારતીય બ્રહ્મોસ મિસાઈલે તબાહ કરી : પૂર્વ એરમાર્શલનો એકરાર

**નવ-દસ મેના ભારતે ૪ બ્રહ્મોજ મિસાઈલ છોડી, પાકીસ્તાન એરબેઝ ઉપરાંત અવેકસ સિસ્ટમ-વિમાનને પણ તોડી પાડયુ**

(એજન્સી દ્વારા)નવી દિલ્હી : ભારતે ઓપરેશન સિંદુરમાં તા.૯-૧૦ના જે રીતે પાકના હવાઈ મથકો પર હુમલા કર્યા તેમાં પાકના ૧૧ એરબેઝ પર કુલ ૧૫ બ્રહ્મોસ મિસાઈલ દાગવામાં આવ્યા હતા. જેના કારણે પાકના એરબેઝ તથા તેની હવાઈ તાકાતને મોટું નુકશાન થયુ અને ભારતને તે જવાબ આપી શકયુ નહી.પાકે ચીન પાસેથી એચ-કયુ-૩ મિસાઈલ સિસ્ટમ મેળવી છે. તેનો પણ પંગુ બનાવી દેવામાં આવી હતી. પાકે કદાચ કાલના પણ નહી કરી હોય કે તેની તમામ એરડિફેન્સ સીસ્ટમને એક સાથે જ નિશાન બનાવાશે. તેનું ધ્યાન પાક કબ્જાના કાશ્મીર પર હતુ પણ છેક રાવલપીંડીના નુરખાન એરબેઝ સુધી ભારતના હવાઈ હુમલો પહોંચી ગયો હતો તો ચકલાવ એરબેઝ જે પણ મહત્વપૂર્ણ છે તેને પણ ટાર્ગેટ કરાયુ હતુ અને તેમાં ભારતે તેના બ્રહ્મોસ મિસાઈલ સીસ્ટમનો ઉપયોગ કરવાનો અને રાષ્ટ્રીય વિમાનને પ્રથમ વખત આ રીતે યુદ્ધમાં જોડયા હતા. ભારતીય હવાઈદળના પશ્ચિમી તથા દક્ષિણી એરકમાન્ડથી બ્રહ્મોસ અને સ્લેપ મિસાઈલને દાગવામાં આવ્યા હતા અને પાકના સિંધસહિતના એરબેઝને લગભગ તબાહીની હાલતમાં મુકી દીધા હતા.પાકે ભારતના પશ્ચિમ અને ઉતરીય એરબેઝને નિશાન બનાવવા પ્રયાસ કર્યા પરંતુ ભારતની એર ડિફેન્સ

અનુસંધાન પાના નં.૪ પર

# નખત્રાણાથી અમદાવાદ કતલખાને જતા ૨૧ પાડાને હળવદમાં બચાવી લેવાયા

**ગૌરક્ષકોની ટીમે પશુઓ સાથે બે શખ્સને ઝડપી પોલીસને હવાલે કર્યા**



ભુજ : : કચ્છની સમીપે આવેલ હળવદમાં સરા ચોકડી પાસે કતલખાને લઈ જવાતા ૨૧ અબોલ જીવને બચાવી લેવામાં આવ્યા છે. નખત્રાણા હાજીપીરથી અબોલ જીવોને ભરીને અમદાવાદ જતી આઈસર સાથે બે શખ્સને પકડી લેવાયા હતા.

મોરબી ગૌરક્ષકોની ટીમને બાતમી મળી હતી કે કચ્છ તરફથી માળિયા હળવદ થઈને અમદાવાદ એક આઈસરમાં અબોલ જીવ ભરીને કતલખાને ધકેલવામાં આવી રહ્યા છે. મોરબી, રાજકોટ, લીંબડી, ધ્રાંગધ્રા, હળવદ, ચોટીલા સહિતના સેન્ટરના ગૌરક્ષકોએ વોચ ગોઠવી હતી અને હળવદ સરા ચોકડી પાસે બાતમીવાળો આઈસર પસાર થતાં તેને રોકી ચેક કરતા ૨૧ અબોલ જીવ મળી આવ્યા હતા. આઈસરમાં ૨૧ પાડા ખીચોખીચ હલનચલનના કરી સકે તેવી રીતે ઘાસચારો કે પાણીની વ્યવસ્થા વિના પરિવહન કરતા મળી આવ્યા હતા. જેની પૂછપરછમાં નખત્રાણા હાજીપીર બાજુથી ભરીને અમદાવાદ લઈ જવાની કબુલાત આપી હતી જેથી અબોલ જીવોને બચાવી હળવદ પાંજરાપોળમાં મુકવામાં આવ્યા છે. હળવદ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કચ્છમાં પ્રથમ ડ્રોન લેબ બનશે



ભુજ : સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ એક્સપર્ટ અને જાણિતા શિક્ષણવિધ બિનુ પિલ્લાઈના પ્રયાસોથી કચ્છના વિદ્યાર્થીઓને પ્રથમ ડ્રોન લેબનો લાભ મળશે. એસજીજે ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આઈટી (કોડાય, તા. માંડવી) ખાતે કચ્છમાં પ્રથમ ડ્રોન લેબ બનાવવામાં આવશે. આ લેબથી કચ્છના વિદ્યાર્થીઓને ભારત સરકારની માર્ગદર્શિકા અને ટેકનોલોજી ક્ષેત્રની ઝડપી વિકાસધારા સાથે સંકળાવાની તક મળશે. આ પહેલ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ) અને એરો વિઝન પ્રાઈવેટ લિમિટેડ (એવીપીએલ) ના સહયોગથી શરૂ કરવામાં આવશે. સમગ્ર દેશમાં ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા પસંદ કરાયેલ ચોક્કસ સંસ્થાઓમાંથી એસજીજે સંસ્થાની પસંદગીએ કચ્છ માટે ગૌરવની બાબત છે. આ લેબમાં ડીજીસીએ દ્વારા માન્યતા પ્રાપ્ત કોર્સ શિખવવામાં આવશે. મોટા ભાગના વિદ્યાર્થીઓને ફી માફી અથવા રાહતનો લાભ અપાશે. પૂજ્ય કૃષ્ણજીવનદાસજી મહારાજે બિનુ પિલ્લાઈના પ્રયાસોની પ્રસંશા કરી હતી. ડ્રોન લેબ અનેક વિશેષતાઓ ધરાવે છે, જેમાં અનન્ય ઈન્ડસ્ટ્રી એકેડેમીયા પાર્ટનશીબ જેનાથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને ઉદ્યોગ જગત વચ્ચેનું સંકલન પુલ મળે છે. નેશનલ એજ્યુકેશન પોલીસી સાથે સંપૂર્ણ સુસંગત હોવાથી વિદ્યાર્થીઓને વ્યવહારૂ અને કારકિર્દી કેન્દ્રીત અભ્યાસમાં મદદરૂપ છે. સ્કીલીંગ ફોર ભારતના સુત્ર સાથે દેશની યુવા શક્તિને આધુનિક ટેકનોલોજી સાથે તાલમેલ બેસાડીને વિશ્વ સ્તર પર તૈયાર કરવાની દ્રઢ નિતીનો અમલ થશે.

# સરકારી આરોગ્ય કર્મીઓને મેડિકલ સહાય આપવાના નિર્ણયને આવકાર

ભુજ : ગુજરાત રાજયના તમામ અધિકારી -કર્મચારી અને પેન્શનર્સ માટે "ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સ્વાસ્થ્ય સુરક્ષા યોજનાને રાજય સરકારની કેબિનેટે મંજૂરી આપેલ છે. સરકાર દ્વારા આરોગ્ય કર્મચારીઓને મેડિકલ સહાય આપવાનો સરકાર દ્વારા વર્ગ -૪ના કર્મચારીઓને ૧૦ હજાર સુધી આયુષ્યમાન કાર્ડ હેઠળ સારવાર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે સરકારના નિર્ણયને કચ્છમાં આવકાર આપવામાં આવ્યો છે. ગુજરાત રાજય ચોથાવર્ગ કર્મચારી મહામંડળ રાજયકક્ષાના પ્રમુખ અનિલભાઈ બાબરિયાએ આ અંગે અગાઉ સરકારમાં રજૂઆત કરી હતી, જે રજૂઆતને માન આપી સરકાર દ્વારા જાહેરાત કરવા બદલ કચ્છ જિલ્લા ચોથા વર્ગ કર્મચારી મંડળના પ્રમુખ અશ્વિનભાઈ ગોર, મહામંત્રી હિતેશ ગોર સહિત કર્મચારીઓ વતી મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી, અધિક મુખ્ય સચિવ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો આભાર માન્યો હતો. તો ગુજરાત રાજ્ય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ રાજ્ય કક્ષા ગાંધીનગર દ્વારા આ નિર્ણયને આવકાર આપ્યો હતો તેવું મહામંત્રી કે.પી. સોલંકીએ જણાવ્યું હતું. જયારે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કચ્છ આવકાર આપીને રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાહેબ અને નાણામંત્રી કનુ દેસાઈ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજ્ય અધ્યક્ષ મિતેશભાઈ ભટ્ટ અને મહામંત્રી પરેશભાઈ પટેલ અભિનંદન પાઠવી તેમનો આભાર માનવામાં આવ્યો છે. અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘ કચ્છ જિલ્લા પ્રાથમિક સંવર્ગ અધ્યક્ષ રામસંગજી જાડેજા, રમેશભાઈ ગાગલ, ભરતભાઈ ધરજીયા, નયનભાઈ વાંઝા, મૂળજીભાઈ ગઢવી, શૈલેન્દ્રસિંહ જાડેજા, અલ્પેશભાઈ જાની, ધર્મેન્દ્રભાઈ પરમાર, કલ્પેશભાઈ ચૌધરી, હિતેશભાઈ સોલંકી, અમરાભાઈ રબારી, બળવંતભાઈ છાંગા સહિત તમામ સંવર્ગો તેમજ તાલુકા ઘટક સંઘોના અધ્યક્ષ, મહામંત્રીઓએ સરકારની જાહેરાતને આવકાર આપી સરકારના આ કર્મયોગી હિતલક્ષી નિર્ણય બદલ આભાર માન્યો હતો.

# નખત્રાણામાં સંત પર હુમલો કરનાર આરોપીઓ સામે કાર્યવાહી કરવા માંગ





ભુજ : નખત્રાણા સંત પર જીવલેણ હુમલાના આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા સનાતન હિન્દુ સર્વ સમાજ દ્વારા કલેકટર તથા પોલીસ અધિક્ષક કચ્છ પશ્ચિમને રેલી સ્વરૂપે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

૧૨મીના નખત્રાણા નાગલપુર ફાટક પાસે ગરવા ગુરૂ બ્રાહ્મણ સમાજના સમુહલગ્નમાં સંત રામગીરીબાપુ પર થયેલ જીવલેણ હુમલા સંબંધે બેદરકારો સામે કડક કાર્યવાહી કરવા રેલી સ્વરૂપે સનાતન હિંદુ સર્વ સમાજ દ્વારા પાઠવવામાં આવ્યુ હતું. રેલીમાં ઉપસ્થિત સંતો મહંતોએ આક્રોશ પૂર્વક જણાવ્યું હતું કે, દશનામ અખાડાના સંત પરમ પૂજ્ય સંત ૧૦૮ રામગીરીબાપુ ગુરૂ જગતગુરૂ મહેન્દ્રજી મહારાજ ઉપર રમણીક શાંતિલાલ ગરવા, એડવોકેટ વિશાલ પંડ્યા તથા અન્ય પાંચ જેટલા સાગરીતો દ્વારા જીવલેણ હુમલો કર્યો છે. ઘટનાને વખોડી સંત પર થયેલ હુમલા સંબંધે સર્વે સનાતન હિન્દુ સમાજના આગેવાનો, વિશાળ સંખ્યામાં હિન્દુ સમાજ તથા સનાતન સમાજવતી આવેદન પત્ર આપ્યું હતું. આયોજન પહેલા ગુરૂ બ્રાહ્મણ સમાજ પશ્ચિમ વિભાગના લેટર હેડ પર લેખિતમાં બનાવ અંગે ૯-૫ના લેખિતમાં શંકા સાથે રજૂઆત કરેલ પોલીસે અરજી અનુસંધાને નિવેદનો લઈ બંદોબસ્ત જાળવવા ૧૭ જેટલા સ્ટાફની જવાબદારી નક્કી કરી છતાં ફક્ત પાંચથી સાત જેટલા કર્મચારીઓ હાજર રહેલા અને તેઓની હાજરીમાં સ્ટેજ પર ઘસી જઈ અને રમણીક ગરવા તથા તેમના સાગરીતઓએ જીવલેણ હુમલો કરેલ તો જવાબદાર પોલીસ કર્મચારીઓની બેદરકારી સંબંધે તપાસ કરી અને યોગ્ય કરવા માંગ કરી છે. મુખ્ય આરોપીઓ ઉપર અગાઉ પણ વિવિધ પોલીસ સ્ટેશનોમાં અનેક કેશો નોંધાયેલા છે. જેથી પાસા તળે તથા જિલ્લા હદ પારની કાર્યવાહી કરવા માંગ કરાઈ હતી.

# કચ્છના આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરાશે

**ડેન્ગ્યુના મચ્છરોનો ઉપદ્રવ અટકાવીને નાગરિકોને રોગથી બચી શકે છે : પાણીથી ભરેલા પાત્રો, વાસણો કે ટાંકીઓને નિયમિત સાફ કરીને ડેન્ગ્યુના મચ્છરોનો ઉપદ્રવ અટકાવીએ**

ભુજ : દર વર્ષે ૧૬મી મેના રોજ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી મચ્છરજન્ય રોગ અને તાવ વિશે જાગૃતિ ફેલાવવા માટે કરવામાં આવે છે. કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૫માં આ રોગની નાબૂદી માટે "તપાસો, સાફ કરો, ઢાંકોઃ ડેન્ગ્યુને હરાવવાનાં પગલાં" થીમ સાથે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ડેન્ગ્યુનો તાવ પીડાદાયક હોય છે. જો યોગ્ય સારવાર ન કરવામાં આવે તો મૃત્યુનું જોખમ પણ વધી શકે છે.

એડીસ મચ્છર ડેન્ગ્યુ માદા એડીસ એજિપ્ટી મચ્છરના કરડવાથી ડેન્ગ્યુ થાય છે. આ મચ્છરના શરીર પર ચિત્તા જેવા પટ્ટા હોય છે. ડેન્ગ્યુના મચ્છર દિવસ દરમિયાન વધુ કરડે છે. આ મચ્છરો બહુ ઊંચે ઊડી શકતા નથી. આ મચ્છર એવા પાણીમાં ઈંડાં મૂકે છે, જેમાં પાંદડા અને શેવાળ હોય છે. આ મચ્છર ઝીકા વાઈરસ અને પીળો તાવ પણ ફેલાવે છે. ડેન્ગ્યુ રોગ મચ્છરની વિશેષ પ્રજાતિ એડિસ પ્રજાતિઓને કારણે ફેલાય છે આ પ્રકારના મચ્છરો ઘરમાં ખુલ્લા રહેલા કે બંધિયાર પાણીમાં ઉત્પન્ન થાય છે. ડેન્ગ્યુ તાવના લક્ષણોમાં સાંધા તથા માંસપેશીઓમાં દુઃખાવો, સખત તાવ આવવાની સાથે આંખોના ડોળાની પાછળ દુઃખાવો થાય, હાથ અને ચહેરા પર ચકામા પડે, ગભરામણ થવી, નાક, મોં તેમજ પેઢામાંથી લોહી પડે વગેરે જોવા મળે છે. આ પ્રકારના લક્ષણો સાથે તાવ આવે તો તુરંત જ નજીકના સબ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર કે જિલ્લાની હોસ્પિટલનો સંપર્ક કરવો જોઈએ. ડેન્ગ્યુના અટકાવ માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ઘરે ઘરે સર્વે કરીને લોકોને સમજણ આપવામાં આવે છે. આ ઉપરાંત, મચ્છર ઉત્પત્તિનાં સ્થળો શોધી પોરાનાશક કામગીરી કરવામાં આવે છે.

ડેન્ગ્યુ અટકાવવા માટેની કાળજીઓમાં સૂતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવો, ફુલ સ્લિવના કપડા પહેરવા, ઘરની આસપાસ, અંદર કે બહાર પાણી ભેગું ન થવા દો, ઘરમાં પાણી સ્ટોર કરતા વાસણને રોજ સાફ કરીને ભરી દો, કૂલરનું પાણી ૧-૨ દિવસમાં બદલીને એમાં બે ચમચી કેરોસીન ઉમેરો, અઠવાડિયામાં એકવાર ફ્રીઝ સાફ કરો. એમાં રાખેલી પાણીની ટ્રે રોજ બદલો, જે વાસણમાં પાલતું પ્રાણીને પાણી આપવામાં આવે એને સ્વચ્છ રાખો, છત પરની પાણીની ટાંકીને ઢાંકીને રાખો, બગીચાને સ્વચ્છ રાખો અને વાસણોમાં પાણી એકઠું થવા દેશો નહીં, સાંજના સમયે જ ઘરના દરવાજા અને બારીઓ બંધ કરી દો. પાણી સંગ્રહના સાધનો ખુલ્લા ન રાખી હવા ચુસ્ત રાખવા અથવા કપડાથી બાંધી દેવા, સંગ્રહેલા પાણીને દર ત્રીજા દિવસે એક વાસણમાંથી બીજા વાસણમાં ગાળી ઉત્પન્ન થયેલા પોરાનો નાશ કરવો અને મચ્છરના ઈંડાના નાશ માટે વાસણના તળીયા ખૂબ ઘસીને સાફ કરવા અને પાણીનાં મોટા હોજ અને ટાકામાં પોરા ભક્ષક માછલી આરોગ્ય કેન્દ્રમાંથી લાવીને નાખવી હિતાવહ છે. શરીરના અંગોને ઢાંકી રાખે તેવા વસ્ત્રો પહેરો અને દિવસે પણ મચ્છર અગરબત્તી સળગાવો મચ્છર દૂર રાખવાની ક્રીમ લગાવવાથી ડેન્ગ્યુથી બચી શકાય છે.

ડેન્ગ્યુ માટે કોઈ ખાસ એન્ટીવાયરલ દવા નથી પરંતુ લક્ષણોને નિયંત્રિત કરવા માટે પેરાસિટામોલ અને પુરતાં પ્રમાણમાં પાણી પીતા રહેવાની સલાહ આપવામાં આવે છે. ઓઆરએસનું પાણી પીવાનું ચાલુ રાખવું. ગંભીર કેસોમાં હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી શકે છે. ડેન્ગ્યુના લક્ષણો દેખાય તો વિના વિલંબે નજીકના તબીબનો સંપર્ક કરવો જોઈએ. કચ્છ જિલ્લામાં ડેન્ગ્યુ દિવસની ઉજવણી જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા મેલેરિયા અધિકારીના માર્ગદર્શન હેઠળ પોરાનાશક કામગીરી, માઈક પ્રચાર અને સર્વેની કામગીરી કરીને કરાશે તેમ મુખ્ય જિલ્લા તબીબી અધિકારી ભુજ કચ્છ દ્વારા જણાવાયું છે.

# બળદિયા ગ્રામ પંચાયત અને પોસ્ટ ઓફિસને તાળાબંધી





ભુજ : બળદિયા ગામની ગ્રામ પંચાયત કચેરી તથા પોસ્ટ ઓફિસ નિયમિત કાર્ય સમયમાં પણ તાળાબંધીની સ્થિતિમાં જોવા મળતી હોવાની કેટલીક વખત રજૂઆત કરાઈ છતાં કોઈ અસરકારક પગલા લેવામાં આવ્યા નથી. સરકારી તંત્રમાં શિસ્તના અભાવ અને ઉપલા અધિકારીઓના સહયોગથી સ્થાનિક તંત્રે ઉદાસીનતા અપનાવતી હોવાનો લોકોમાં ગુસ્સો છે.

ગ્રામ પંચાયતનો સમયસર ન ખુલવો, વિદ્યાર્થીઓના દાખલાઓ, વેરો ભરવા જેવા નિત્યકાર્ય માટે લોકોની હાલાકી ઊભી કરે છે. બીજીતરફ બળદિયા શાખાની પોસ્ટ ઓફિસ જેમાં કરોડોની જમા ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે, તે પણ સમયસર બંધ રહે છે. જેના કારણે લોકોને ટપાલ અને નાણાકીય વ્યવહાર કરવામાં ખૂબ અડચણ પડે છે. સમયસર સેવા ન મળતાં ગ્રામજનોમાં પોસ્ટ ઓફિસમાંથી રકમ ઉપાડી ખાતા બંધ કરવાનો વિચાર ચર્ચાઈ રહ્યો છે.

લોકોને થાય છે કે ગામના વિકાસ માટે ફાળવવામાં આવેલી સેવાઓનો લાભ એમને નહીં મળે તો આવી સેવાઓની મૂલ્યતા શું છે ? સવાલ એ છે કે શું આ સરકારી તંત્રો પર નિયમિત કાર્યપદ્ધતિનાં નિયમો લાગુ પડતા નથી ? શું આવા કામચલાઉ વ્યવહારમાં કોઈ પણ પ્રકારની શિસ્ત વિષયક કાર્યવાહી થતી નથી ? શું ગ્રામજનોને માત્ર ચૂંટણી સમયે યાદ કરવામાં આવે છે ?. ગ્રામજનોએ માંગણી કરીએ છીએ કે સંબંધિત અધિકારીઓ દ્વારા તરત તપાસ કરવામાં આવે અને જવાબદારી નિર્ધારણ સાથે કામગીરીમાં સુધારો લાવવામાં આવે. જો નહીં થાય તો ગામના સર્વસામાન્ય લોકોને સાથે રાખીને મોટી રજુઆત તેમજ આંદોલનની તૈયારી કરવામાં આવશે.

# સમૂહલગ્નમાં મહંત પર હુમલો કરનારા આરોપીની ધરપકડ

ભુજ : નખત્રાણા તાલુકાના નાગલપર ખાતે ગરવા સમાજ આયોજીત સમૂહલગ્નમાં મહંત પર હિચકારો હુમલો કરાતા હત્યાના પ્રયાસ સહિતની કલમો તળે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ બનાવમાં નખત્રાણા પોલીસે આરોપી શેરડીના રમણીક શાંતિલાલ ગરવાની ધરપકડ કરી છે. આરોપી સામે ભુજ બી ડિવિઝન, ગઢશીશા, પધ્ધર, એ ડિવિઝનમાં ગુના નોંધાઈ ચુકેલા છે.

# આવતીકાલે કચ્છની માધ્યમિક શાળાઓને ધો.૧૨ની માર્કશીટનું વિતરણ કરાશે

ભુજ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુ, માર્ચ-૨૦૨૫ માં યોજાયેલ ધો.૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત મધ્યમા સહિતની પરીક્ષાઓના પરિણામ બોર્ડની વેબસાઈટ પર તા.૫ મી મેના ઓનલાઈન જાહેર કરવામાં આવ્યા હતા. રાજ્ય બોર્ડ દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ, પ્રમાણપત્ર તમામ જિલ્લા શિક્ષણ કચેરીએ આજે રવાના કરાયા છે. આવતીકાલે તા.૧૭/૫ ધો.૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ જિલ્લાની તમામ સામાન્ય પ્રવાહની શાળાઓને વિતરણ કરવામાં આવશે. દરેક શાળાઓને વિતરણ કરવામાં આવશે. દરેક શાળાઓને પોતાનું પરિણામ (માર્કશીટ, પ્રમાણપત્ર, એસઆર અને ઓનરોલ સર્ટિ) જિલ્લા કચેરીએથી મેળવી તા.૧૯/૫ના વિદ્યાર્થીઓને પરિણામનું વિતરણ કરવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# ભુજમાં ઠગાઈના ઈરાદે રાખેલી ચલણી નોટો જેવા કોરા કાગળના બંચ પકડાયા



ભુજ : શહેરમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમોના ઘરે ચેકીંગ રેડ રાખવામાં આવી હતી.

આલાવારા કબ્રસ્તાનની પાછળ શેખ ફળિયામાં આરોપી રમજાનશા કાસમશા શેખના ઘરે તપાસ કરતા ભારતીય ચલણી નોટ તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવા માપ સાઈઝની નોટોના કાગળના બંચ મળી આવ્યા હતા. જેથી ૯૦ બંચ કબજે કરી બી ડિવિઝન પોલીસ દ્વારા નોંધ દાખલ કરવામાં આવી છે. આરોપી સામે અગાઉ પણ ગુના નોંધાઈ ચુકયા છે.

## દારૂના ગુનામાં ત્રણ વર્ષથી ફરાર આરોપી પકડાયો



ભુજ : સામખિયાળી પોલીસમાં નોંધાયેલા દારૂના ગુના કામે છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. જેમાં પૂર્વ કચ્છ એલસીબીએ રાજસ્થાનથી સાંચોરના જીયારામ ઉર્ફે જીવારામ પ્રેમારામ ચૌધરીને ઝડપી સામખિયાળી પોલીસના હવાલે કર્યો છે.

## ભુજથી હરિદ્વાર યાત્રાધામને જોડતી ટ્રેન શરૂ કરવા માંગ

ભુજ : ભુજથી હરિદ્વાર, ત્રિષિકેશ તિર્થધામ તેમજ યાત્રાધામ જવા માટે ટ્રેન ન હોવાથી સિનિયર સિટીઝન લોકો તેમજ બહેનોને મૂશ્કેલી પડે છે. અમદાવાદ ખાતે ઘણાં સમય રહેવું પડે છે. અથવા તો ભુજથી દિલ્હી જવું પડે છે. દિલ્હીથી હરિદ્વાર, ત્રિષિકેશ સુધી જવા માટે રેલગાડી બદલવી પડે છે. ઘણો સમય રાહ જોવી પડે છે. સપ્તાહમાં બે દિવસ ચાલતી રેલગાડી ભુજથી દિલ્હી સરોઈલા રેલગાડી ચાલુ છે. ભુજથી હરિદ્વાર સુધી ટ્રેન શરૂ કરવા સાંસદ વિનોદભાઈ ચાવડાને હરિદાન રાજવીર ગઢવીએ કરી છે.

## છક્રીબારી રિંગરોડ પર છાશ કેન્દ્ર ખુલ્લો મૂકાયો



ભુજ શહેરમાં આવેલા છક્રીબારી રિંગ રોડ પર ઉનાળાની ગરમીને ધ્યાને લઈને ઠંડી છાશ અને પાણી નિઃશુલ્ક વિતરણ પૂજારા ટેલિકોમ, રામરોટી છાશ કેન્દ્ર અને છક્રીબારી રિંગ રોડના વેપારી દ્વારા તા.૧૫/૫થી પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં ભારતીય જનતા પાર્ટીના રિતેન ગોર, પૂજારા ટેલિફોમના સંજય મેઘજીભાઈ ઠક્કર, કેશવજીભાઈ જેઠી, ભાર્ગવ જોષી, રજુખાન પઠાણ સહિતના વેપારી, રાજકીય, સામાજિક અગ્રણીઓ હાજર રહ્યા હતા.




ભચાઉ નગરપાલિકા પાસે મેઈન બજારમાં પક્ષી માટે પાણીનાં કુંડા વિતરણ કરવામાં આવ્યા જેના દાંતા ભચાઉ શહેર તાલુકા પત્રકાર એસોસિયેશનના પ્રમુખ મહાવીરસિંહ બળવંતસિંહ રાણાના સહયોગથી વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં જૈન યુવક મંડળ સંચાલિત મહાવીર અનુકંપા કેન્દ્ર દ્વારા કાળજાળ ગરમીમાં પક્ષીને પાણી મળી રહે તે માટે આયોજન કરાયું છે. રાહદારીઓને ફીમાં કુંડા વિતરણ કરવામાં આવ્યા હતા.

# શિક્ષણ ક્ષેત્રે સેવા બદલ વિભાકર અંતાણીનું બહુમાન

ભુજ : શહેર ખાતે ૧૯૮૨થી કચ્છમાં વિનામૂલ્ય વર્ગ હિન્દી, સંસ્કૃત, ગાંધી જીવન ગીતાજી ની પરીક્ષાનું શ્રેષ્ઠ સંચાલન કરનાર વિભાકરભાઈ અંતાણી ને તાજેતરમાં સફળ સંચાલન તરીકે ગુજરાત વિદ્યાપીઠ તરફથી શ્રેષ્ઠ કાર્યકર્તા પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સહકાર યુવક મંડળના પ્રમુખ ઝહિર સમેજા, યુનુસભાઈ ખત્રી, હાટકેશ અંબિકા મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન એસ. હાથી, આશાબેન સ્વાદિયા, અવનીબેન મિહિરભાઈ પટણી, દર્શનાબેન મુનશી રહ્યા હતા તેવુ વારીસ પટ્ટણીની યાદીમાં જણાવ્યું હતું.

## યુધ્ધ વિરામ

યુધ્ધ પણ
થાકી જાય
ત્યારે
થાક ખાય
યોધ્ધાઓ જ
મંત્રણા કરે
અને
યુધ્ધ વિરામ
જાહેર થાય
આ વિરામ
અલ્પ (,) વિરામ
હોઈ શકે
યા તો
પૂર્ણ (.) વિરામ
હોઈ શકે
મહાભારત કાળમાં
સૂર્યાસ્ત પછી
યુધ્ધ થતા નહીં
હવેના યુધ્ધો
સૂર્યાસ્ત પછી જ થાય છે
એટલે અંધારપટ
જાહેર કરવું પડે
બાકી.. નારી.. માટે.. તો..
ધરતી કી તરહ તું દુઃખ સહી લે
સૂરજ કી તરહ તું જલતી જા
સિંદુર કી લાજ નિભાને કો
ચૂપચાપ તું આગ પે ચલતી જા.
- રજનીકાંત ઓઝા

# બજારભાવ

| | |
|---|---|
| **ભુજ માર્કેટ યાર્ડ** | |
| **૧૦૦ કિલોના ભાવ** | |
| ગોવાર | ૪૭૦૦-૪૭૮૨ |
| તુવેર | ૬૨૦૦-૬૩૪૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | |
| **૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૪૨૦-૨૪૫૮ |
| રાયડો | ૨૧૦૦-૨૧૩૧ |
| ઈશબગુલ | ૩૮૦૦-૪૦૦૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | |
| **૧૦૦ કિલોના ભાવ** | |
| ઘઉં | ૨૫૦૦ |
| વરિયાળી | ૭૭૬૦-૮૦૧૦ |
| અજમો | ૭૧૦૦-૮૫૦૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | |
| **૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૪૦૦-૨૫૦૯ |
| જીરૂ | ૭૮૮૦-૮૬૬૦ |
| ઈશબગુલ | ૪૩૬૧ |
| **રાપર માર્કેટ યાર્ડ** | |
| જીરૂ | ૩૯૦૦-૪૨૯૧ |
| એરંડા | ૧૨૦૧-૧૨૧૩ |
| ઈશબગુલ | ૧૬૦૦ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | |
| ગોવાર | ૯૦૦-૯૨૫ |
| એરંડા | ૧૨૧૦-૧૨૪૧ |
| અજમો | ૧૩૦૦-૧૫૦૦ |
| સાખજીરૂ | ૩૯૩૦-૪૨૦૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | |
| **(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | |
| ડુંગળી | ૧૦-૧૪ |
| બટેટા | ૧૪-૧૮ |
| ટમેટા | ૫-૨૦ |
| લીલી ડુંગળી | ૧૦-૧૨ |
| મરચા | ૫-૨૫ |
| મરચી | ૧૦-૩૫ |
| રીંગણા કાળા | ૪-૧૨ |
| રીંગણા બાજરીયા | ૪-૧૦ |
| કોબી દેશી | ૫-૧૦ |
| કોબી | ૫-૧૫ |
| ફુલાવર | ૩૦-૪૫ |
| ફુલાવર દેશી | ૨૦-૩૦ |
| વટાણા | ૮૦-૧૦૦ |
| ધાણા | ૨૫-૪૦ |
| ભીંડા | ૫-૨૫ |
| કાકડી કાળી | ૫-૧૫ |
| કાકડી સફેદ | ૫-૧૫ |
| કાકડી ખીરા | ૨૦-૪૦ |
| પાલક | ૫-૧૫ |
| લસણ સુકું | ૫૦-૧૦૦ |
| લીંબુ | ૨૦-૬૦ |
| પીત્તાઈ ગાજર કેશરી | ૧૦-૨૦ |
| દુધી | ૨-૭ |
| આદુ | ૩૦-૫૦ |
| કારેલા | ૨૦-૪૦ |
| શક્કરિયા | ૨૫-૩૦ |
| ચોળા ડોલર | ૨૦-૪૦ |
| ગીલોડા | ૧૫-૨૫ |
| મરચા સીમલા | ૨૦-૪૦ |
| ગોવાર દેશી | ૫૦-૭૦ |
| ગોવાર | ૩૦-૭૦ |
| ગીસોડા | ૧૦-૪૦ |
| પરવળ | ૩૦-૫૦ |
| સરગવો | ૧૦-૨૨ |
| ગેલકા | ૨૦-૩૦ |
| કોળુ | ૮-૧૩ |
| બીટ | ૮-૨૦ |
| **ભુજ ફ્રુટ બજાર** | |
| કેળા કાચા | ૧૦-૨૦ |
| કેળા પાકા | ૨૦-૨૫ |
| પપૈયા કાચા | ૪-૮ |
| પપૈયા પાકા | ૫-૧૫ |
| જામફળ | ૨૦-૮૦ |
| ચીકુ | ૧૦-૩૦ |
| શક્કરટેટી | ૮-૨૦ |
| ફણસી | ૧૦૦-૧૨૦ |
| દાડમ | ૧૦-૫૦ |
| કલીંગર | ૫-૧૦ |
| કાચી કેરી | ૮-૨૦ |
| પાકી કેરી | ૮-૨૦ |
| કેસર કેરી | ૫૦-૧૦૦ |
| રાજાપુરી કેરી | ૪૦-૫૦ |

**એચ.બી. વાઘેલા, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાપરની કોર્ટમાં,**
કાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** મરણ નોંધણી અરજી રજિ નં.૩૪/૨૦૨૫

શ્રી અમરાભાઈ ડુંગરભાઈ મકવાણા,
રે.ભીમાસર, તા.રાપર-કચ્છ ......................... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, ભીમાસર ગ્રામ પંચાયત, તા.રાપર-કચ્છ ......................... સામાવાળા

**વિષય -:જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી અમરાભાઈ ડુંગરભાઈ મકવાણા, રે.ભીમાસર, તા.રાપર-કચ્છ, વાળાએ તા.૦૭/૦૫/૨૦૨૫ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના દાદી 'કાઈબેન મુરા મકવાણા' નું અવસાન મોજે:ભીમાસર, તા.રાપર-કચ્છ મુકામે તા.૧૧/૦૪/૧૯૯૪ ના રોજ થયેલ છે. પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજે:ભીમાસર, તા.રાપર-કચ્છના વર્ષઃ- ૧૯૯૪ મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં.૩૪/૨૦૨૫ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ- ૧૨/૦૫/૨૦૨૫
(એચ.બી. વાઘેલા)
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, રાપર-કચ્છ

**એચ.બી. વાઘેલા, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાપરની કોર્ટમાં,**
કાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** મરણ નોંધણી અરજી રજિ નં.૩૩/૨૦૨૫

શ્રી અમરાભાઈ ડુંગરભાઈ મકવાણા,
રે.ભીમાસર, તા.રાપર-કચ્છ ......................... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, ભીમાસર ગ્રામ પંચાયત, તા.રાપર-કચ્છ ......................... સામાવાળા

**વિષય -:જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી અમરાભાઈ ડુંગરભાઈ મકવાણા, રે.ભીમાસર, તા.રાપર-કચ્છ, વાળાએ તા.૦૭/૦૫/૨૦૨૫ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના દાદા 'મુરા રાસંગ મકવાણા' નું અવસાન મોજે:ભીમાસર, તા.રાપર-કચ્છ મુકામે તા.૧૬/૦૫/૧૯૯૦ ના રોજ થયેલ છે. પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજે:ભીમાસર, તા.રાપર-કચ્છના વર્ષઃ- ૧૯૯૦ મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં.૩૩/૨૦૨૫ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ- ૧૨/૦૫/૨૦૨૫
(એચ.બી. વાઘેલા)
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, રાપર-કચ્છ

**એચ.બી. વાઘેલા, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાપરની કોર્ટમાં,**
કાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** મરણ નોંધણી અરજી રજિ નં.૩૨/૨૦૨૫

શ્રી અમરાભાઈ ડુંગરભાઈ મકવાણા,
રે.ભીમાસર, તા.રાપર-કચ્છ ......................... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, ભીમાસર ગ્રામ પંચાયત, તા.રાપર-કચ્છ ......................... સામાવાળા

**વિષય -:જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી અમરાભાઈ ડુંગરભાઈ મકવાણા, રે.ભીમાસર, તા.રાપર-કચ્છ, વાળાએ તા.૦૭/૦૫/૨૦૨૫ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના માતા 'બાંચાબેન ડુંગર મકવાણા' નું અવસાન મોજે:ભીમાસર, તા.રાપર-કચ્છ મુકામે તા.૦૮/૦૮/૨૦૦૧ ના રોજ થયેલ છે. પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજે:ભીમાસર, તા.રાપર-કચ્છના વર્ષઃ- ૨૦૦૧ મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં.૩૨/૨૦૨૫ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ- ૧૨/૦૫/૨૦૨૫
(એચ.બી. વાઘેલા)
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, રાપર-કચ્છ

## પહેલા પાનાથી... રાજનાથસિંહ કચ્છમાં

આજ રોજ ખુદ અહી આવી પહોચી અને પાકીસ્તાનના આ જુઠ્ઠાણાનો પણ પર્દાફાશ કરી દીધો છે. સરંક્ષણ પ્રધાનની સાથે આજ રોજ સરંક્ષણ લેફટેનન્ટ જનરલ ધીરજ શેઠ તથા જનરલ ઓફીસર કમાન્ડીંગ ઈન ચીફ સર્ધન કમાન્ડ પણ રહ્યા હાજર હતા અને રક્ષામંત્રીશ્રીને આ અધિકારીગણ દ્વારા ઓપેરશન સિંદુર વખતે કચ્છ-ગુજરાતના યુનિટની કેવી ભુમીકા રહી, શું રોલ રહ્યો છે, તે અંગે અવગત કરતી માહીતીઓ રજુ કરી હોવાનુ જાણવા મળી રહ્યું છે.

## પહેલા પાનાથી...કચ્છની માટીમાં દેશભકિતની





### સંરક્ષણ મંત્રીના ઉદ્દબોધનના મુખ્ય અંશ

●૧૯૬૫ ભારત-પાક યુદ્ધમાં જીતનું સાક્ષી હતું કચ્છ ●કચ્છની માટીમાં દેશભક્તિની છે સુગંધ ●ભારતની સરહદો સેનાના જવાનોના હાથમાં સુરક્ષિત ● ભારતીય વાયુસેનાએ ૨૩ મિનિટમાં પાકિસ્તાનને હફાવ્યું ●ભારતની બ્રહ્મોસ મિસાઈલની ગુંજ સમગ્ર વિશ્વએ સાંભળી ●ભારતીય વાયુસેનાની પ્રભાવી ભૂમિકાની વિશ્વમાં પ્રશંસા●ભારતની વાયુસેનાની પહોંચ પાકિસ્તાનના દરેક ખૂણા સુધી છે ●આઈએમએફ પાકિસ્તાનને ફંડ આપવા પૂર્વે કરે પુનઃ વિચાર ●પાકિસ્તાનને આર્થિક મદદ એ આતંકવાદને મદદ સમાન ●ભારતની એરફિડેન્સ સિસ્ટમની વિશ્વએ કરી પ્રશંસા ●સંઘર્ષ સમયે ડીઆરડીઓના રડારની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ●ઓપરેશન સિંદૂર પૂર્ણ નહીં, સ્થગિત કરાયું ●પાકિસ્તાનના પરમાણુ શસ્ત્રો આતંકીઓના હાથમાં જવાની ભીતિ ●સિંદૂર હવે માત્ર શ્રુગાંર નહીં પરંતુ શૌર્ય અને સંકલ્પનું પ્રતિક ●ભારતે આતંકીઓના લલાટે ઓપરેશન સિંદૂરથી ખતરાની ખેંચી લાલ લકીર ●ભારતમાં નિર્મિત શસ્ત્રોથી આતંકવાદ પર પ્રહાર ●ભારતીય સેનાના જવાનો અભિનંદનના અધિકારી ●વીર જવાનોની જનેતાઓને દેશવાસીઓના પ્રણામ ●પાકિસ્તાનના વર્તાવ પર ભારતની બાજનજર ●પાકિસ્તાન નહીં સુધરે તો હવે ટ્રેલર નહીં, આખી ફિલ્મ બતાવશું

મળીને આવ્યો છે. આજે મને અહી તમને મળવાનો અવસર મળ્યો છે. ગઈકાલે હુ ઉત્તર ભાગ અને આજે પશ્ચીમી ભાગમાં જવાનોને મળી રહ્યો છે. બન્ને ભાગમાં હાઈ એનર્જી અને હાઈ જોશ જોઈ અને હુ ખુદ પ્રોત્સાહિત અનુભવી રહ્ય છે. ભારતની સીમા તમારા મજબુત ઈરાદાઓ સાથે પુરી રીતે સુરક્ષિત છે. ઓપેરશન સિંદુરનું નામ આપણા દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપ્યું છે. ઓપરેશન સિંદુર દરમ્યાન જે કંઈ પણ તમે કહ્યુ છે તે શૌર્ય અને બહાદુરીનું અપ્રતિમ પ્રતિક છે. લોકો જેટલા સમયમાં નાસ્તા પાણી કરે તેટલા જ સમયમાં તમે દુશ્મનોને નીપટાવી દીધા. તમે દુશમનના ઘરમાં ઘુસી અને તેનો ખાત્મો બોલાવ્યો છે તેની ગુજ આખી દુનીયાએ જોયો છે. વાસ્તવમાં તે ગુંજ માત્ર મિસાઈલની નહી પણ ભારતીય સૈન્યના જવાનોની બહાદુરીની હતી. ઓપરેશન સિંદુરમા ભારતીય સેનાએ જે પ્રભાવિ ભુમિકા ભજવી છે તે માત્ર દેશ નહી વિશ્વભરે જોઈ છે. આ ઓપરેશનમાં ન માત્ર દુશ્મનોને પછાડયા છે પરંતુ તેમને ચારો ખાને ચિત્તા કરી દેખાડયા છે. આતંકવાદ વિરોધમાં ચલાવેલા આ અભિયાનનુ નેતૃત્વ આપણી એરફોર્સ કર્યુ છે. ચીફ એરમાર્સલ એ.કે.સિંહ અને તેમની ટીમને હુ અભિનંદન આપું છે. આપણા એરફોર્સની પહોચી પુરા પાકીસ્તાન સુધી ફેલાયેલી છે તે કોઈ નાની વાત નથી. આતંકવાદીઓના નવ ઠેકાણાઓને નષ્ટ કરી દેવાયા તે આખીદુનીયાએ જોયુ છે. ભારતીય વાયુસેનાએ માત્ર પરાક્રમ નથી દેખાડયુ પણ દુનીયા સામે પ્રમાણ રજુ કર્યુ છે. ભારતની યુદ્ધ નીતી અને ટેકનોલોજી કેટલી મજબુત છે તે દેખાડયુ છે. મોદીજીના નેતૃત્વમાં નવા ભારતનો સંદેશ વાયુસેનાએ પુરી દુનીયામાં પહોચાડયો છે. આ સંદેશ છે કે, ભારત માત્ર વિદેશથી આયાત કરેલા હથિયારો પર જ નિર્ભર નથી પણ ભારતમા બનેલા સબમરીન આપણી સૈન્ય શકિતનોભાગ બની જવા પામ્યો છે. બ્રહ્મોસ મિસાઈલની તાકાતનોપાકીસ્તાને સ્વીકાર કરી લીધો છે. આપણે પાકીસ્તાનને ધોળા દીવસે તારા દેખાડી દીધા છે. સાથીઓ આપણા દેશના નાગરીકો દુશ્મન તરફથી આવાતા ડ્રોન જોઈ ભાગી ન ગયા પણ આપણી એરડીફેન્સ સિસ્ટમે તેને તોડી પાડયા તેના વીડીયો બનાવ્યા છે. પાકીસ્તાનમા આતંકવાદ સામે સૈન્યએ પ્રભાવી કાર્યકારી કરી છે. પાકીસ્તાન ફરીથી આતંકી ઢાંચાને ઉભો કરવામાં લાગી ગયો છે. પાકીસ્તાનની જનતાને પણ રક્ષામંત્રીએ સંદેશ આપતા કહ્યુ હતુ કે, તેઓ પણ બારૂદના ઢેર પર બેઠું છે. સેન્ય જવાનોને રક્ષામંત્રીએ કહ્યુ છે કે, આજે ભારતને વૈશ્વીક મંચ પર જે સન્માન મળે છે તેના પાયામાં સૈન્યદળોની બહાદુરી અને જોમ-જુસ્સો છે. નવો ભારત હવે સહન નથી કરતો, તે પલટવાર કરી અને જવાબ આપે છે. હું ગમે તેટલુ બોલુ પણ મારા શબ્દો તમારા શૌર્યને માપવામાં અનેકઘણુ ઓછુ પડે તેમ છે. આપણે આતંકવાદ સામેની લડાઈ માત્ર સુરક્ષાનો વિષય જ નથી. હવે આ પહેલાનુ ભારત નથી, મોદીજીના નેતૃત્વમાં નવા ભારતનો જન્મ થવા પામી ચૂકયો છે. અમે અમારો અવાજ જે રીતે શ્રીરામે પોતાની ભુજાઓને ઉપાડી અને આસુરી શકિતઓને નાશ કર્યો તેમ અમે પણ પ્રેરણા લઈ અને આતંકવાદને જડમુળથી સમાપ્ત કરવાનો સંકલ્પ લીધો છે. મોદીજીના નેતૃત્વમાં સરકાર આવ્યા બાદ સૈન્ય મામાલોને લઈને ભારતની વિચારધારા અને સામાથય વધાર્યુ છે. જેવા સાથે તેવા થવાનો કોલ પણ આ તબક્કે રક્ષામંત્રીશ્રીએ આપ્યો હતો. આપરેશન સિંદુરએ સ્પષ્ટ સંદેશ આપ્યો કે અમે શાંતી માટે જેટલુ હદય ખોલ્યુ છે તેવી જ રીતે શાંતીને નષ્ટ કરનાર માટે અમારા હાથ તમામ રીતે ખુલ્લા છે. ઓપરેશન સિદુર હજુ ખત્મ નથી થયુ, એક ટ્રેઈલર માત્રહતુ, જયારે સમય આવશે ત્યારે પુરી પિકચર પણ દુનીયાને દેખાડીશું.

ભારતમાં કોઈ ઉપદ્રવી તત્વો હોય જેની લઈને આશંકા થાય છે તેવા તત્વોને મેજીસ્ટ્રેટ અને પોલીસ દ્વારા પ્રોવીઝન પર રાખવામા આવતો હોય છે, તેવી જ રીતે સિઝફાયરમાં આપણે પાકીસ્તાનને હાલમાં પ્રોવીજન પર રાખ્યુ છે, જો નીતી તોડશેતો તેને કડકમાં કડક દંડ આપવામાં આવશે. અમારી સંપ્રભુતાને કોઈ નુકસાન પહોચાડશે તો અમે તેના પર પ્રહાર કરીશું. રક્ષામંત્રીએ ભારતની પ્રજાનો પણ આભાર પ્રગટ કર્યો હતો.

## પહેલા પાનાથી... ભુજનું સ્મૃતિવન









સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે ૪૭૦ એકર વિસ્તારમાં ફેલાયેલા સ્મૃતિવનમાં અર્થકવેક મ્યુઝિયમના પુનર્જન્મ, પુનઃ પ્રાપ્તિ, પુનઃ સ્થાપના, પુનઃ નિર્માણ, પુનઃ વિચાર, પુનઃ જીવન (૫-ડી ભૂકંપ સિમ્યુલેટર) અને ભૂકંપ પીડિતોના સ્મારકની મુલાકાત લીધી હતી. કચ્છમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ ના આવેલા ગોઝારા ભૂકંપમાં ૧૨,૯૩૨ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભૂકંપગ્રસ્તોની યાદમાં સ્મારકનું નિર્માણ કરવાનું વિઝન રજૂ કર્યું હતું. ૨૮ મી ઓગસ્ટ-૨૦૨૨ ના વડાપ્રધાન મોદીએ આ સ્મારકનું લોકાર્પણ કર્યું હતું. કેન્દ્રિય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ સ્મૃતિવનના તમામ વિભાગોની મુલાકાત લીધી હતી. યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૨૪ મા પ્રિકસ વર્સેલ્સનું વર્લ્ડ ટાઈટલ મેળવનાર સ્મૃતિવનને નિહાળી સંરક્ષણમંત્રી રાજનાથસિંહ ભાવવિભોર થયા હતા.

## પહેલા પાનાથી...

### ૧ સપ્તાહમાં જ મળી

આગામી સપ્તાહમાં નવા પ્રદેશ અધ્યક્ષ ગુજરાતને મળી શકે છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે નવા પ્રદેશ અધ્યક્ષની પ સંદગીની ક્વાયાત તેજ બની છે. જે અંતર્ગત ચૂંટણી અધિકારી ભુપેન્દ્ર યાદવ ગણતરીના દિવસોમાં ગુજરાત આવે તેવી સંભાવના છે. ભુપેન્દ્ર યાદવ ગુજરાતમાં નવા પ્રદેશ અધ્યક્ષની પસંદગી પૂર્ણ કરે ત્યારબાદ નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ તેની નવી ટીમ જાહેર કરશે.

કોના નામની થઈ રહી છે ચર્ચાઓ?પ્રદેશ અધ્યક્ષ અને નવું સંગઠન માળખુ જાહેર થયા બાદ રાજ્ય સરકારમાં મંત્રી મંડળ વિસ્તરણ અંગે પણ ક્વાયત હાથ ધરાય તેમ લાગી રહ્યુ છે. હાલ બની રહેલા સંજોગો જોતા ગુજરાતને એક સપ્તાહમાં નવા પ્રદેશ અધ્યક્ષ મળી જાય તેમ લાગી રહ્યુ છે. નવા પ્રદેશ અધ્યક્ષ પદે પાટીલના અનુગામી કોણ એ પ્રશ્નના જવાબમાં અનેક નામ ચર્ચામાં ચાલી રહ્યા છે. જેમાં સહકારમંત્રી જગદીશ પંચાલ, સાંસદ મયંક નાયક સહિતના નેતાઓના નામનો સમાવેશ થાય છે.શું નવા પ્રદેશ અધ્યક્ષ મહિલા હશે? એક અંદાજ પ્રમાણે ભાજપ ગુજરાતમાં મહિલા પ્રદેશ અધ્યક્ષનો પ્રયોગ પણ કરી શકે. જોકે આ તમામ માત્ર અટકળો છે. જ્યારે મોદી-શાહની જુગલ જોડી જયારે પણ કોઈ પણ પદ પરના નામ જાહેર કરે છે ત્યારે હંમેશા તે નામ સરપ્રાઈઝ તરીકે જ સામે આવ્યું છે અને આ વખતે પણ પ્રદેશ ભાજપ અધ્યક્ષપદે કોઈ નવું જ નામ જાહેર થાય તેવી સંભાવનાઓ નકારી શકાતી નથી.

### પાક.ના ભોલારી

સીસ્ટમની જાળવણી પાકના ડ્રોન કે મિસાઈલ પહોંચી શકયા ન હતા. એર ડિફેન્સ સીસ્ટમ એ એલર્ટ રહીને પાક તરફથી પાકના ડ્રોન મિસાઈલ ને અગાઉથી પારખીને તેનો હવામાંજ નાશ કર્યો હતો.

એટલું જ નહી પાકના લાહોર જયાંથી થતા હતા તે ક્ષેત્રની એર ડિફેન્સ સીસ્ટમને તાડી પાડી ભારતના હુમલા સામેના વિઘાનો દુર કર્યા હતા.

## ગુજરાતમાં ગન લાઈસન્સ પર આવ્યા મોટા સમાચાર : ગૃહ વિભાગે લીધો મોટો નિર્ણય

ગાંધીનગર : ગુજરાતમાં ગન લાઈસન્સ મુદ્દે એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં ગુજરાતમાં ગન લાઈસન્સ પર ગૃહ વિભાગે બ્રેક લગાવી છે. વિગતો મુજબ ગૃહ વિભાગે વર્તમાન ૫૦૦ ગન લાઈસન્સ રદ કર્યા છે. આ સાથે ગન લાઈસન્સ સંદર્ભે ગૃહ વિભાગે સમીક્ષા શરૂ કરી છે.મહત્વનું છે કે, બિનજરૂરી ગન લાઈસન્સ સંદર્ભે ગૃહ વિભાગની સમીક્ષા બાદ વધુ ગન લાઈસન્સ રદ થવાની સંભાવના છે.

નોંધનીય છે કે, તાજેતરમાં જ આ ગણ લાઈસન્સનો મુદ્દો ખૂબ ચગ્યો હતો.રાજ્યના ગૃહ વિભાગે એકસાથે વર્તમાન ૫૦૦ ગન લાઈસન્સ રદ કર્યા છે. વિગતો મુજબ ગુજરાત સરકારે નવા ગન લાઈસન્સ પર બ્રેક લગાવી છે. ગન લાઈસન્સ બાબતે રાજ્ય સરકાર ગંભીર વિચારણા શરૂ કરી છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૬માં ૬૦,૭૮૪ લાઈસન્સ, વર્ષ ૨૦૨૩માં ૬૭,૩૦૮ ગન લાઈસન્સ ઈશ્યું થયા.

આ તરફ હવે રાજ્ય સરકારે ગન લાઈસન્સ સંદર્ભે ગૃહ વિભાગે સમીક્ષા શરૂ કરી છે. આ સાથે નવા લાઈસન્સ પર બ્રેકની સાથે વર્તમાન લાઈસન્સની સમીક્ષા કરાશે. જોકે ગૃહ વિભાગની સમીક્ષા બાદ વધુ ગન લાઈસન્સ રદ થવાની સંભાવના નકારી શકાય નહિ.

## મોદી કરણી માતા મંદિરમાં દર્શન કરશે

નવી દિલ્હી :ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાજસ્થાનના બિકાનેરમાં સ્થિત પ્રખ્યાત કરણી માતા મંદિરની મુલાકાત લેવાના છે. પીએમ મોદી ૨૨ મેના રોજ કરણી માતા મંદિરની મુલાકાત લેશે. આ દરમિયાન કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ પીએમ મોદી સાથે હાજર રહેશે. ચાલો જાણીએ કરણી માતા મંદિરના ઈતિહાસ અને તેની માન્યતા વિશે.કરણી માતા મંદિર રાજસ્થાનના બિકાનેરથી લગભગ ૩૦ કિલોમીટર દૂર દેશનોક વિસ્તારમાં આવેલું છે. આ મંદિર વિશે એવી માન્યતા છે કે કરણી માતા દેવી દુર્ગાનો અવતાર છે.

વર્ષના બંને નવરાત્રિ નિમિત્તે કરણી માતા મંદિરમાં ભારે ભીડ ઉમટે છે. આ સમય દરમિયાન, કરણી માતાના મંદિરને શણગારીને પણ આ તહેવાર ઉજવવામાં આવે છે.

કરણી માતા મંદિરનું નિર્માણ ૧૫મી સદીની આસપાસ રાજપૂત રાજાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જોધપુર અને બિકાનેર પર શાસન કરનારા રાઠોડ રાજાઓ દ્વારા કરણી માતાની પૂજા કરવામાં આવતી હતી. કરણી માતાને બિકાનેર રાજવી પરિવારની કુળદેવતા માનવામાં આવે છે.

એવું પણ માનવામાં આવે છે કે તેમના આશીર્વાદથી જ બિકાનેર અને જોધપુર રજવાડાઓની સ્થાપના થઈ હતી. માહિતી અનુસાર, કરણી માતાનું હાલનું મંદિર ૨૦મી સદીની શરૂઆતમાં બિકાનેર રાજ્યના મહારાજા ગંગા સિંહ દ્વારા બનાવવામાં આવ્યું હતું.

## ઓપરેશન સિંદુરની ડિપ્લોમેટીક અસર પણ દેખાવા લાગી

### પાક. ઠંડુગાર : ભારત સાથે વાટાઘાટની શરીફની તૈયારી

ઈસ્લામાબાદ: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની 'નકલ' કરીને પાક સૈન્યના સરહદી સહિતના મથકોની મુલાકાત લઈ રહેલા પાક વડાપ્રધાન શ્રી નવાઝ શરીફે ભારત સાથે કાશ્મીર સહિતના મુદે મંત્રણા કરવા તૈયારી દર્શાવી છે.પાકના પંજાબમાં એરબેઝ પર મુલાકાત સમયે શરીફે દાવો કર્યો કે અમોએ યુદ્ધ વિરામ કરાવ્યુ છે. કમારા એરબેઝ પર તેઓએ પાક સૈન્યના જવાનોને સંબોધતા કહ્યું કે અમો ભારત સાથે શાંતિ વાતચીત કરવા તૈયાર છે પણ તેઓએ તેમાં જમ્મુ-કાશ્મીર-લદાખ મુદો હોવો જરૂરી હોવાનું ઉમેરીને હવે ફરી કાશ્મીર દાગ છેડયો છે.

## પાકિસ્તાનની વિનંતી પર ભારતે સિંધુ જળ સંધિ સ્થગિત રાખીઃ વિદેશ મંત્રી એસ. જયશંકરનું નિવેદન

નવી દિલ્હી : વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું કે પાકિસ્તાનની વિનંતીને ધ્યાનમાં રાખીને, ભારતે સિંધુ જળ સંધિ સ્થગિત રાખવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય પાકિસ્તાનને આતંકવાદી પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવાની શરત પર સંધિ પુનઃપ્રારંભ કરવાની તૈયારી દર્શાવે છે. પાકિસ્તાનની પાણીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, ભારતે આ નિર્ણય લીધો છે,



પરંતુ સંધિ પુનઃપ્રારંભ માટે પાકિસ્તાનને તેના વર્તનમાં ફેરફાર લાવવાની જરૂર છે.

આ નિર્ણય ભારત અને પાકિસ્તાન વચ્ચેના જળ વિવાદોને વધુ તીવ્ર બનાવી શકે છે, પરંતુ ભારતની તરફથી આ નિર્ણય પાકિસ્તાનને તેના વર્તન પર વિચાર કરવા માટે પ્રેરણા આપી શકે છે.વિદેશ મંત્રાલયે વધુમાં જણાવ્યું કે ભારત-અમેરિકા વેપાર સંબંધો પર વાટાઘાટો ચાલુ છે, અને આ વાટાઘાટો ખૂબ જટિલ છે. જ્યાં સુધી બધા મુદ્દાઓ પર સંમતિ ન થાય ત્યાં સુધી, કોઈ નિષ્કર્ષ પર પહોંચવું વહેલું ગણાશે.

## પીએમ સૂર્ય ઘર યોજનામાં ગુજરાત દેશમાં ૩૪% યોગદાન સાથે મોખરે

નવી દિલ્હી : વડા પ્રધાન મોદીના નેતળત્વમાં ગુજરાતે ફરી સાબિત કરી બતાવ્યું છે કે, નીતિગત દઢતા, વહીવટી કાર્યક્ષમતા અને જનભાગીદારીનો સમન્વય કોઈપણ યોજનાને રાષ્ટ્રીય સફળતામાં પરિવર્તિત કરી શકે છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના માટે રાજ્ય સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે નિર્ધારિત ૩.૦૫ લાખ સોલાર રૂફટોપ પેનલ્સના ઈન્સ્ટોલેશનનો લક્ષ્યાંક સમય પહેલાં જ પ્રાપ્ત કરી લીધો છે.રાજ્ય સરકારની સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, ૧૧ મે ૨૦૨૫ સુધીમાં ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ ૩.૩૬ લાખ સોલર રૂફટોપ પેનલ્સ સ્થાપિત કરવામાં આવી છે. આ આંકડો દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં સર્વાધિક છે. આ યોજનાના સફળ અમલીકરણને કારણે, આજે ગુજરાત સૌલર રૂફટોપ ઈન્સ્ટોલેશનમાં દેશમાં ૩૪% યોગદાન આપી રહ્યું છે. આ યોજના હેઠળ ગુજરાતના ૩.૦૩ લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૨૩૪૨ કરોડની સબસિડી આપવામાં આવી છે. પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજનાનું સફળ અમલીકરણ કરનારા ટૌચના પાંચ રાજ્યોની વાત કરીએ તો પ્રથમ ક્રમે ગુજરાત બાદ, મહારાષ્ટ્ર ૧.૮૯ લાખ સોલર રૂફટોપ પેનલ ઈન્સ્ટોલેશન્સ સાથે બીજા ક્રમે છે.ઉત્તર પ્રદેશ ૧.૨૨ લાખ ઈન્સ્ટોલેશન સાથે ત્રીજા ક્રમે, કેરળ ૬૫ હજાર ઈન્સ્ટોલેશન સાથે ચોથા ક્રમે અને રાજસ્થાન ૪૩ હજાર ઈન્સ્ટોલેશન સાથે પાંચમા ક્રમે છે. GUVNLના આંકડા અનુસાર, ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર મુફત બિજલી યોજના' હેઠળ સ્થાપિત ૩.૩૬ લાખ સોલર રૂફટોપ સિસ્ટમ દ્વારા ૧૨૩૨ મેગાવોટથી વધુ ઊર્જાનું ઉત્પાદન થયું છે, જે પરંપરાગત વીજઉત્પાદનના ૧૮૩૪ મિલિયન યુનિટ જેટલું છે. જો આટલી જ ઊર્જા કોલસા આધારિત પ્લાન્ટમાંથી ઉત્પન્ન કરવામાં આવી હોત, તો લગભગ ૧૨૮૪ મેટ્રિક ટન કોલસાનો વપરાશ થયો હોત.

આ બચતને કારણે વાતાવરણમાં ૧૫૦૪ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં પણ ઘટાડો થયો છે. પીએમ સૂર્ય ઘર મુફત બિજલી યોજનાની શરૂઆત ફેબ્રુઆરી ૨૦૨૪માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી. આ યોજના હેઠળ નાગરિકોને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી આપવાની સાથે ૩ સુધીની સિસ્ટમ પર રૂ.૭૮ હજાર સુધીની સબસિડી આપવામાં આવે છે. છત ધરાવતો કોઈપણ ઘરમાલિક આ યોજના માટે પાત્ર છે. અરજીની પ્રક્રિયા સરળ છે અને https://pmsuryaghar.gov.in પર જઈને ઓનલાઈન કરી શકાય છે. ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર મુફત બિજલી યોજનાની અભૂતપૂર્વ સફળતામાં વહીવટીતંત્રની દૂરંદેશી કામગીરીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

## ચીન-અફઘાનમાં ભુકંપથી ધરા ધ્રુજી : ૪.૫ની તીવ્રતાનો નોંધાયો ધરતીકંપ

નવી દીલ્હી : ભારતના બે પાડોશી દેશ ચીન અને અફઘાનિસ્તાનમાં ભૂકંપના કારણે ધરા ધ્રુજવાના સમાચાર સામે આવ્યા છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NSC)એ જણાવ્યું કે, ચીનમાં આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૫ માપવામાં આવી છે.

હાલ, ભૂકંપના કારણે કોઈ નુકસાનની જાણકારી સામે આવી નથી.અફઘાનિસ્તાનમાં પણ શુક્રવારે રાત્રે ૧ વાગ્યાની આસપાસ ભૂકંપ આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪ માપવામાં આવી હતી. નેશનલ સેન્ચર ઑફ સેસમોલોજી (NSC) દ્વારા આ વિશે જાણકારી આપવામાં આવી હતી. અત્યાર સુધી કોઈ જાનહાનિ કે માનહાનિના સમાચાર સામે નથી આવ્યા. NSCના જણાવ્યા અનુસાર, ભૂકંપ અડધી રાત્રે ૧૨:૪૭ (ભારતીય સમયાનુસાર) આવ્યો હતો. જેનું કેન્દ્ર ૧૨૦ કિલોમીટર ઊંડુ હતું. NSCએ આ ભૂકંપની જાણકારી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરી હતી.

હાલ બંને દેશોમાંથી કોઈ જાનહાનિના સમાચાર સામે નથી આવ્યા. ભારતીય અને યૂરેશિયન પ્લેટોની વચ્ચે સક્રિય ટેક્ટોનિક સીમા પાસે સ્થિત હોવાના કારણે આ વિસ્તારમાં ભૂકંપ આવવો સામાન્ય વાત છે. સ્થાનિક અધિકારી સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. નોંધનીય છે કે, અફઘાનિસ્તાનમાં ૩૦ એપ્રિલથી અત્યાર સુધી ૫ વાર ભૂકંપના આંચકાનો અનુભવ થઈ ચુક્યો છે.

## વિદ્યાર્થીઓની સ્કોલરશીપ અંગે હવે ડોક્યુમેન્ટ હાર્ડકોપીમાં સ્વીકારાશે

અમદાવાદ : શિક્ષણ વિભાગના મહત્ત્વના ગણાતા એવા નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના સ્કોલરશીપના ઓનલાઈન ફોર્મ ભરવામાં કેટલીક ટેકનિક્લ એરર આવતી હોવાનું સામે આવ્યું છે. ટેક્નિકલ એરરના પગલે હજુ ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયાં છે. આમ, એક બાજુ હજુ ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ જ ભરાયા નથી, બીજી બાજુ સ્કોલરશીપનો પ્રથમ હપ્તો વિદ્યાર્થીઓને પ્રવેશોત્સવ વખતે આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાલની સ્થિતિએ ઘણા બાળકોના નામ યાદીમાં નથી, ડેટા એન્ટ્રીમાં મુશ્કેલી, ઝૂજીમાં ભૂલ હોવાથી ઘણા વિદ્યાર્થીના ફોર્મ ભરાયા નથી. આ ભૂલના લીધે વિદ્યાર્થીઓ સ્કોલરશીપથી વંચિત ન રહે તે માટે વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ હાર્ડકોપીમાં સ્વિકારવાનો નિર્ણય લેવાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના સ્કોલરશીપ શરૂ કરવામાં આવેલી છે.

## સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતમાં મોટો સપાટો, ત્રણ કોચની તાત્કાલિક કરાઈ બદલી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગાંધીનગરથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. વિગતો મુજબ લાંબા સમયથી હેડ ઓફિસમાં કામ કરતા કોચને ફિલ્ડમાં મોકલાયા છે. જેમાં ત્રણ ડિસ્ટ્રિક્ટ કોચને અલગ અલગ જિલ્લાઓમાં બદલી કરાઈ છે. મહત્વનું છે કે, આ એવા કોચ છે કે, જે ખૂબ જ લાંબા સમયથી ઓફિસમાં જ કામ કરતાં હતા. જોકે હવે આવા કોચને ફિલ્ડમાં મોકલવાનો આદેશ કરાયો છે.સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતમાં સપાટો બોલાવાયો છે. વિગતો મુજબ અહીં ૩ ડિસ્ટ્રિક્ટ કોચની અલગ-અલગ જિલ્લાઓમાં બદલી કરાઈ છે. આ સાથે ૮ જિલ્લા રમતગમત અધિકારી અને કોચને મુક્ત કરાયા છે. વડી કચેરીની તમામ વધારાની જવાબદારીમાંથી મુક્ત કરાયા છે.વિગતો મુજબ અધિકારીઓ ફિલ્ડમાં કામ કરવાના બદલે ઓફિસ સંભાળતા હતા, આ સાથે લાંબા સમયથી વહીવટી કામગીરી હેડ ઓફિસમાં જ સંભાળતા હતા. આ તરફ હવે તંત્ર દ્વારા લાંબા સમયથી હેડ ઓફિસમાં કામ કરતા કોચને ફિલ્ડમાં મોકલાયા છે.

## ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૩.૬૦ લાખ વિદ્યાર્થીને ૧૯મીએ માર્કશીટ મળશે

અમદાવાદ : રાજ્યના ધો.૧૨ સામાન્ય પ્રવાહના પાસ થયેલા ૩.૬૦ વિદ્યાર્થીને ૧૯ મેના રોજ માર્કશીટ મળશે. શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ તથા પ્રમાણપત્ર વિતરણની કાર્યવાહી શરૂ કરી છે. જેમાં શુક્રવારે બોર્ડની કચેરીએથી માર્કશીટ રવાના કરી જે તે જિલ્લાઓમાં મોકલાશે. જિલ્લાઓમાંથી ૧૭ મેના રોજ શાળાઓને માર્કશીટનું વિતરણ કરાશે.

## આવતીકાલે અમદાવાદ - ભુજ નમો ભારત રેપિડ રેલ રદ

ભુજ : પશ્ચિમ રેલ્વેની અમદાવાદ અને ભુજ વચ્ચે દોડતી ટ્રેન નંબર ૯૪૮૦૧ / ૯૪૮૦૨ અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલ ટેકનિકલ કારણોસર રદ રહેશે. રેલવેની યાદીમાં જણાવ્યા મુજબ આજે ટ્રેન નંબર ૯૪૮૦૧ અમદાવાદ -ભુજ નમો ભારત રેપિડ રેલ રદ રહેવાની સાથે આવતીકાલે તા. ૧૭-૫-૨૦૨૫ની ટ્રેન નંબર ૯૪૮૦૨ ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ રદ રહેશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે વેબસાઈટ પર જોવા યાદીમાં જણાવ્યું છે.

## કેનેડામાં ભારતીય મૂળના શિખ વ્યવસાયીની બેરહમીથી હત્યા : ગોળીઓથી વિંધિ નાખ્યા

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કેનેડાના મિસેસોગાનાં ઓન્ટોરિયો શહેરમાં એક શિખ વેપારીની બેરહમીથી હત્યા કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઉત્તરાખંડના બાજપુરના મૂળવતની મિસેસોગા રાજ્યનાં ઓન્ટોરિયોમાં એક સફળ વ્યાપારી હતા. વધુમાં જાણવા મળ્યું છે કે કેટલાક સમયથી બળજબરીથી પૈસા પડાવવા માટે તેઓ ઉપર ફોન આવતા હતા. તેઓએ આ અંગે પોલીસને માહિતી પણ આપી હતી, પરંતુ પોલીસે કોઈ પગલાં લીધાં ન હતાં. હરજિતસિંહ પોતાની ઓફીસની બહાર બસની રાહ જોતા ઉભા હતા. તેઓ ઘરે જવા નીકળ્યા હતા. તેવામાં અજાણ્યા હુમલાખોરોએ તેમની ઉપર ચાર ચાર ગોળીઓ છોડી હતી તેઓ ત્યાં જ ઢળી પડય હતા. હુમલાખોરો બાઈક ઉપર એક ક્ષણમાં રવાના પણ થઈ ગયા હતા. પોલીસે જણાવ્યું હતું કે હજી સુધી તે હત્યારાઓનો કોઈ પત્તો લાગ્યો નથી, કોઈની ધરપકડ પણ થઈ નથી. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે હમણાં હમણાં પૈસા વસુલીના પણ અપરાધો વધી રહ્યા છે.

## ચોટીલામાં એએસઆઈ પર ૩ મહિલા સહિત ૬ શખ્સે હુમલો કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

સુરેન્દ્રનગર : ચોટીલા પોલીસ મથકમાં ફરજ બજાવતા કર્મચારી સહિતની ટીમ સાથે પોલીસ મથકે આવી ચાલુ ફરજ દરમ્યાન મહિલાઓ સહિત ૭ થી વધુ લોકોએ એકસંપ થઈ ફરજમાં રૂકાવટ કરી હતી તેમજ કોન્સ્ટેબલ સાથે ઝપાઝપી કરી હાથે બચકુ ભરી સામાન્ય ઈજાઓ પહોંચાડી હતી તેમજ કાયદેસરની કાર્યવાહી અટકાવવા માટે અમુક શખ્સોએ જાતે જ પોલીસ સ્ટેશનની દિવાલ સાથે માથા ભટકાડી આત્મહત્યાનો પ્રયાસ કર્યા અંગેની ફરિયાદ પોલીસ કર્મચારીએ પોલીસ મથકે નોંધાવી છે.ચોટીલા પોલીસ મથકમાં ફરજ બજાવતા એએસઆઈ રામભા ધનરાજભા રાજૈયા મારામારીના એક બનાવની ચોટીલા સરકારી હોસ્પીટલ ખાતેથી એમએલસી આવતા ફરિયાદી તે અંગેની કાર્યવાહી કરી રહ્યાં હતાં. ત્યારે એમએલસી લખાવનાર દર્દી કિરિટભાઈ જયંતીભાઈ બુટીયા અને અન્ય ત્રણ શખ્સો હોસ્પિટલે આવ્યા હતા.

એચ.બી. વાઘેલા, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાપરની કોર્ટમાં, કાબુંડા રોડ, રાપર-કચ્છ

જાહેર નોટીસ
જન્મ નોંધણી અરજી રજિ નં.૭૧/૨૦૨૫
શ્રી જીવતીબેન ડુંગરભાઈ પરમાર, રહે.રવમોટી, તા.રાપર-કચ્છ ........ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, રવમોટી, તા.રાપર-કચ્છ. ........ સામાવાળા
વિષય -:જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી જીવતીબેન ડુંગરભાઈ પરમાર, રહે.રવમોટી, તા.રાપર વાળાએ તા.૨૬/૦૩/૨૦૨૫ વાળી અરજીથી જણાવેલ છે કે તેમનો જન્મ મોજે: રવમોટી, તા.રાપર-કચ્છ મુકામે તા.૦૧/૦૧/૧૯૬૩ ના રોજ થયેલ છે. પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજ,રવમોટી, તા.રાપર-કચ્છના વર્ષ ૧૯૬૩ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૭૧/૨૦૨૫ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
(એચ.બી. વાઘેલા)
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, રાપર-કચ્છ
તારીખ- ૦૭/૦૪/૨૦૨૫

એચ.બી. વાઘેલા, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાપરની કોર્ટમાં, કાબુંડા રોડ, રાપર-કચ્છ

જાહેર નોટીસ
જન્મ નોંધણી અરજી રજિ નં.૮૨/૨૦૨૫
શ્રી થાવર વસ્તા વાઘેલા, રહે. રાપર તા. રાપર ........ અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને રજીસ્ટ્રાર (જન્મ-મરણ) રાપર નગર પાલીકા, તા.રાપર-કચ્છ. ........ સામાવાળા
વિષય -:જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી થાવર વસ્તા વાઘેલા રહે.રાપર તા.રાપર એ તા.૦૩/૦૪/૨૦૨૫ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્ર દિનેશ થાવર વાઘેલા નો જન્મ મોજે: રાપર, તા.રાપર-કચ્છ મુકામે તા.૨૫/૦૫/૧૯૮૭ ના રોજ થયેલ છે. પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજે: રાપર નગર સેવા સદન, તા.રાપર-કચ્છના વર્ષ ૧૯૮૭ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૮૨/૨૦૨૫ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
(એચ.બી. વાઘેલા)
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, રાપર-કચ્છ
તારીખ- ૦૮/૦૪/૨૦૨૫

# રાપરની પાણી સમસ્યા હલ કરવા ૨૨ કિલોમીટર પાઈપલાઈન નખાશે

### મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, શહેરી વિકાસ બોર્ડ સાંસદ વિનોદભાઈ ચાવડા અને ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ૨૨ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટની કામગીરી કરાશે





રાપર : શહેરની અંદાજ વસતી પિસ્તાલીસ હજારની આસપાસ છે તો એટલા જ પ્રમાણમાં પશુધન છે, ત્યારે શહેરને પીવાના પાણીની સમસ્યા માટે એકમાત્ર આધાર કચ્છ બ્રાન્ચ કેનાલમાંથી પાણી પર નિર્ભર રહેવું પડે છે. જો કેનાલમાં પાણી હોય તો શહેરના લોકોને પાણી મળે નહિતર રામ ભરોસે. બે વર્ષ અગાઉ જ્યારે નગરપાલિકામા ભાજપની જ બોડી હતી, ત્યારે તત્કાલીન પ્રમુખના અણઘડ વહીવટના લીધે જે તે સમયે કચ્છ નર્મદા કેનાલ બંધ રહી ત્યારે અઠવાડિયે પાણી નશીબ થતું હતું. ત્યારબાદ બે વર્ષ વહિવટદાર શાસન આવ્યું ત્યારે પણ પાણીની દર ઉનાળાની કાળઝાળ ગરમીમાં સમસ્યા ઉભી રહેતી હતી. હાલ નગરપાલિકામા સૌથી યુવાવયે પ્રમુખ તરીકે ચાંદભાઈ ભીંડે છે, ત્યારે વાગડ વિસ્તારના મુખ્ય મથક રાપર શહેરમા આ વર્ષે વહિવટી તંત્ર સાથે સંકલન કરી હાલમાં જ દર બીજા દિવસે પાણી વિતરણ થાય છે એટલે પીવાના પાણીની વ્યવસ્થા સુદ્રઢ રીતે બનાવવામાં આવી છે. નગરપાલિકા પ્રમુખ ચાંદભાઈ ભીંડે દ્વારા અન્ય પદાધિકારીઓને સુઝાવ આપતો એક પ્રોજેક્ટ તૈયાર કરી ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, સાંસદ વિનોદભાઈ ચાવડા સમક્ષ રજૂ કરી રાપરથી બાવીસ કિલોમીટર દૂર આવેલા સુવઈ ડેમમાંથી રાપર શહેર માટે પીવાનું પાણી પાઈપલાઈન દ્વારા લાવી પાણી સંગ્રહ કરી શકાય તે માટે નગાસર તળાવને ચાર ફૂટ જેટલું ઊંડુ કરવાનુ આંઢવાળા તળાવમા પાણી સંગ્રહ કરી આથમણા નાકા, રતનપર, દુધડેરી વિસ્તાર કેનેડાનગર, શંકરવાડી, વાઘેલાવાસ, ડોડીયાવાસ, મોટાવાસ, ઉલેટવાસ, દેરાસરવાસ, પોલીસ લાઈન, તકિયાવાસ સહિતના અડધા રાપરને પીવાના પાણીની સમસ્યામાંથી કાયમી ધોરણે હલ થઈ જશે. આંઢવાળા તળાવની કામગીરી ઝડપી બનાવવામાં આવી છે, જે ટુંક સમયમાં પૂર્ણ થઈ જશે. આ સુવઈ ડેમથી રાપર સુધીની બાવીસ કિલોમીટરના પાઈપ લાઈન પ્રોજેક્ટ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, શહેરી વિકાસ બોર્ડ સાંસદ વિનોદભાઈ ચાવડા અને ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બાવીસ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ બનાવવામાં આવ્યો છે, જે આગામી દિવસોમાં સર્વે હાથ ધરવામાં આવશે. ટુંક સમયમાં આ પ્રોજેક્ટનુ કામ મંજુર કરાવી આવતા એક વર્ષમા પૂર્ણ કરી રાપરની પીવાના પાણીની સમસ્યા કાયમ માટે હલ થઈ જશે.

રાપરના સૌથી યુવા પ્રમુખના પ્રોજેક્ટ માટે મુખ્યમંત્રી તથા શહેરી વિકાસ બોર્ડ મંજૂરી આપવા માટે દરખાસ્ત ટુંક સમયમાં મંજૂર કરવામાં આવશે.

# પરમ ધામ " મુકામે ઓમ અનાદિ શ્રીબાલકૃષ્ણ નારાયણ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો





અંજાર : પરમધામ મંદિરને આંગણે અનાદિ શ્રી બાલકૃષ્ણ નારાયણની દિવ્ય સુંદર પંચધાતુંની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા ૦૮-૦૫-૨૦૨૫ ગુરુવાર થી તા ૧૨-૦૫-૨૦૨૫સોમવાર સુધી પંચદિવસીય શ્રી લક્ષ્મીનારાયણ સંહિતાની કથાપારાયણ તેમજ પોથીયાત્રા,નગરયાત્રા તેમજ તેમજ મહાપ્રસાદનો દિવ્ય અનેરો લાભ લીધો હતો આ મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ બહુ ધામધૂમથી અને દિવ્ય રીતે ઉજવાયો હતો.

અંજાર પરમધામ મંદિર તેમજ અનાદિ શ્રી કૃષ્ણ હરી શરણાગતિ મંડળના ટ્રસ્ટી પ્રમુખ ભાણજી ભગત માલસતર, ઉપપ્રમુખ મનસુખ ભગત, મંત્રી કેતન ભગત, ખજાનચી પ્રકાશ ભગત, સહ ખજાનચી ધર્મેશ ભગત, સહમંત્રી રમેશ ભગત, સહ મંત્રી જગદીશ ભગત, સભ્ય વિનય ભગત, સભ્ય સાગર ભગત તેમજ જય મીત મયુર પાર્થ પુનિત આ બધા ભક્તો એ પણ સેવા નો લાભ લીધો હતો.અંજાર પરમધામ મંદિરના પ્રમુખ શ્રી ભાણજી ભગતને વર્ષો પહેલાં સ્વયં પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ ભગવાને જામવંથલીની ફૂલવાડી પરમધામ મંદિરમાં ભાણજી ભગતને મહારાજે દર્શન આપી અંજાર મંદિર કરવાની આજ્ઞા આપી હતી. ત્યાર પછી એમણે સદગુરુ શ્રી શાંતિલાલ ભગત બગીચા ને વાત કરી પછી ભાણજી ભગતે સદગુરુ શ્રી શાંતિલાલ ભગત બગીચા ને વિશાળ ઉચ્ચારવાળી જગ્યા બતાવી ત્યારે સદગુરુ શ્રી શાંતિલાલ ભગત બગીચામાં સ્વયમ મહારાજના દર્શન થયા એમણે જેમ કહ્યું એમ એ પ્રમાણે મંદિરનું નિર્માણ થયું સદગુરુ ની આજ્ઞા પ્રમાણે એ ભૂમિ વિશાળ કીમતી જગ્યા ભાણજી ભગતે અનાદિ કૃષ્ણ હરી શરણાગતિ મંડળની સ્થાપના કરાવી અને એ ભૂમિ અપ ર્ણ કરી ત્યાર પછી ટ્રસ્ટી તેમજ ભક્તો સદગુરુ શ્રી ની આજ્ઞા પ્રમાણે સર્વે ભક્તોએ તન મન ધન વડે મંદિર વિશાળ નિર્માણ પામ્યું હતું. ૨૦૧૨માં ચિત્ર પ્રતિમાની મૂર્તિ પ્રતિષ્ઠા થઈ હતી, ત્યારે એ સમયે પણ મૂર્તિમાં અને મંદિરમાં પણ અમૃત વરસાવી હું આ પરમધામ મંદિરમાં બિરાજમાન છું, એવી સાબિતી આપી હતી.મંદિર નિર્માણ થયા પછી અન્ય વિકાસના કાર્યો જેમ કે

શ્રી બાલકૃષ્ણ ગૌશાળા, પંચમુખી હનુમાનજી મંદિર, રાધાકૃષ્ણની મૂર્તિની, સ્થાપના નયન રમે ફૂલવાડી, બાળ આંગણવાડી, ભોજનાલય ૫૩ ફૂટની વિશાળ ધ્વજા, આ બધા નિર્માણ ટ્રસ્ટના પ્રમુખશ્રી ભાણજી ભગતે રાત દિવસ ખૂબ મહેનત કરી ભક્તોને સાથે રાખી પોતે પણ સેવા કરી અને બીજા ભક્તોને પણ પ્રેરણા કરી સેવા કરાવી અને મંદિરના અધૂરા સર્વે કાર્યો સારી રીતે પાર પાડ્યા છે.ભાણજી ભગત નો એવો સંકલ્પ હતો કે મારે મારા પરમધામ નિવાસી સુપુત્ર દર્શન ભગત ની સ્મૃતિમાં સુંદર મૂર્તિનું નિર્માણ કરાવી ભવ્ય સુવર્ણ સિંહાસનમાં ભક્તોને સેવા અને દર્શનનું સુખ આપે એવો સંકલ્પ કર્યો હતો મુખ્ય પોથીજી તેમજ મૂર્તિના દાતા પ્રમુખ ભાણજી ભગત બન્યા હતા.

આ મહોત્સવ દરમિયાન સભા સંચાલક પરમ પૂજ્ય શ્રીકૃષ્ણ પ્રકાશ સ્વામી (જુનાગઢ) થી હતા. તેમજ દેશ વિદેશથી અનેક ભક્તોએ ઉત્સવનો લાભ લેવા પધાર્યા હતા સુરત, વડોદરા, કુંકાવાવ, જામવંથલી, મુંબઈ, અમદાવાદ તેમજ રાજકોટ થી પણ ભક્તો પધાર્યા હતા.

સુરત, કુકાવાવ તેમજ મુંબઈ અંજારના સ્વયંસેવક મંડળ પણ 'આપણું મંદિર આપણું ઉત્સવ' એવી ભાવનાથી તન મન ધન વડે અંજારના આ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં સેવા કરી હતી. ૨૦૧૨ માં મૂર્તિ પ્રતિષ્ઠા થઈ હતી ત્યારે પણ પરમધામ મંદિરમાં અમૃતની વરસાદ થઈ હતી, અને આ વર્ષે પણ પંચધાતુની અનાદિ શ્રી બાલકૃષ્ણ નારાયણ ની મૂર્તિ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી થઈ ત્યારે પણ આવી જ રીતે મંદિરની દીવાલોમાં આરસીસી સ્લેબમાં અમૃતની વર્ષા થઈ હતી.

આ ઉત્સવ દરમિયાન રાજકીય મહાનુભાવો પણ આવ્યા માન. શ્રી વિનોદ ભાઈ ચાવડા (સાંસદ શ્રી કચ્છ તથા મહામંત્રી ગુ.પ્ર.ભાજપ ) દેવજીભાઈ વરચંદ ,પ્રમુખશ્રી કચ્છ જિલ્લા ભાજપ, મા. ત્રિકમભાઈ બી છાંગા , ધારાસભ્ય શ્રી અંજાર તેમજ અન્ય રાજકીય મહાનુભાવો પણ દર્શને પધાર્યા હતા.

આ રીતે સર્વે ભક્તો તેમ જ રાજકીય મહાનુભાવોએ આ ધાર્મિક ઉત્સવનો લાભ લીધો હતો.આ ઉત્સવ ૨૦૨૫માં અનાદિ શ્રી બાલકૃષ્ણ નારાયણ ભગવાને અંજાર પરમધામ મંદિરમાં બિરાજમાન થઈ અમૃત વર્ષા કરી ભક્તોને દર્શન આપ્યા હતા ,અને આ અંજાર પરમધામ મંદિર સતયુગનું મંદિર છે. આ ધાર્મિક ઉત્સવને સફળ બનાવવા પરમ ધામ મંદિરના હરિ ભક્તોએ જહેમત લીધી હતી.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | | 2 | | | | |
| | | | 5 | 9 | 3 | | | |
| 3 | | 8 | | | | | 2 | |
| 7 | | 2 | | | 6 | | 5 | 9 |
| 4 | 6 | | | | | | 7 | 1 |
| 1 | 9 | | 2 | | | 4 | | 8 |
| | 2 | | | | | 8 | | 7 |
| | | | 8 | 3 | 4 | | | |
| | | | | 5 | | | | 4 |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 4 | 2 | 3 | 6 | 1 | 7 | 9 |
| 7 | 3 | 1 | 8 | 5 | 9 | 4 | 2 | 6 |
| 6 | 9 | 2 | 7 | 4 | 1 | 5 | 8 | 3 |
| 3 | 2 | 8 | 5 | 9 | 4 | 7 | 6 | 1 |
| 5 | 6 | 9 | 3 | 1 | 7 | 2 | 4 | 8 |
| 4 | 1 | 7 | 6 | 2 | 8 | 3 | 9 | 5 |
| 2 | 7 | 3 | 9 | 6 | 5 | 8 | 1 | 4 |
| 1 | 8 | 6 | 4 | 7 | 3 | 9 | 5 | 2 |
| 9 | 4 | 5 | 1 | 8 | 2 | 6 | 3 | 7 |

# અવસાન નોંધ

**અંજાર** : મૂળ વરલી (તા. ભુજ)ના હમીરભાઈ ગોપાલભાઈ બારોટ (ઉ.વ. ૮૫) (માજી એસટી કંડક્ટર) રાવળદેવ તે વિમળાબેનના પતિ, સંગીતાબેન, અશ્વિનભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. ધર્મેન્દ્રભાઈના પિતા, પૃથ્વીબેન, દીક્ષિતાબેન, પ્રવીણભાઈ દેવાત્કાના સસરા, પ્રેક્ષા, યશ્વિની, જીલ, રાજવીર, વંશવીરના દાદા, દિવ્યતા, આરતી, સાગરના નાના તા. ૧૨-૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૫ના શુક્રવારે સાંજે ૫થી ૬ ભાટિયા સમાજવાડી, અંજાર ખાતે. ધાર્મિકવિધિ ઉત્તરક્રિયા તા. ૨૪-૫ના શનિવારે નિવાસસ્થાન ૯-ચામુંડા સોસાયટી, નયા અંજાર ખાતે.

**કુકમા (તા. ભુજ)** : વસંતબેન (ઉ.વ. ૯૧) તે સ્વ. વલમજી અરજણ પરમારના પત્ની, સ્વ. જ્યોતિબેન ભટ્ટ, નિમુબેન (રેખાબેન ટાંક), કુસુમબેન ભટ્ટ, રાજેશ પરમારના માતા, ઈશ્વરલાલ ટાંક, જગદીશ ભટ્ટના સાસુ, મોરારભાઈ, ભીમજીભાઈ, વાઘજીભાઈ, કાંતાબેન, સરસ્વતીબેન, સાવિત્રીબેન, ગવરીબેન, મેઘજી રાઠોડના બહેન, મંથન, તપન ભટ્ટ, યિગ્નેશ, શ્રદ્ધાબેન, પૂજનબેન, પૂર્ણા, રિન્કલના નાની તા. ૧૦-૫ના અવસાન પામ્યા છે. ટેલિફોનિક બેસણું / પ્રાર્થનાસભા : રાજેશ - ૯૯૨૫૭ ૪૩૨૦૩, નિમુબેન (રેખા) - ૯૪૨૮૫ ૬૬૩૮૭.

**માધાપર** : મૂળ ઘડુલી મારૂ કંસારા સોની જ્ઞાતિ ગં.સ્વ. શાંતાબેન શિવજી સોની (પોમલ) (ઉ.વ. ૯૦) તે સ્વ. શિવજી વિશનજી પોમલના પત્ની, સ્વ. ચંચળબેન વિશનજી પોમલના પુત્રવધૂ, ભગવતીબેન માધવજી પોમલ (સુખપર)ના જેઠાણી, મનસુખલાલ, ભરતભાઈ, પ્રભાબેન (નખત્રાણા), ભગવતીબેન (સુખપર), દમયંતીબેન (નખત્રાણા), પ્રેમીલાબેન (ભુજ), રંજનબેન (દરશડી), તારાબેન (ભુજ)ના માતા, મંજુલાબેન, સંધ્યાબેન, મહેન્દ્રભાઈ, શાંતિલાલભાઈ, જમનાદાસભાઈ, જિતેન્દ્રભાઈ, પ્રફુલ્લભાઈ, મહેશભાઈના સાસુ, નીલેશ, ચિંતન, ત્રિવેણીબેન, હેતલબેન, શિલ્પાબેન, દિવ્યાબેન, દીપાબેનના દાદી, શ્રદ્ધાબેન, જીલબેન, મુકેશકુમાર, મુકેશકુમાર, રીતેશકુમાર, મીતકુમાર, ધ્રુવકુમારના દાદીજી સાસુ, જાન્સીના પરદાદી, દિનેશકુમાર લીલાધરના કાકી, હરેશ માધવજી, રાજેશભાઈ કાનજીના મોટા બા, સ્વ.મણિબેન માધવજી વેલજી કટ્ટા (રતડિયા)ના પુત્રી, મેઘજીભાઈ (પરતવાળા મહારાષ્ટ્ર), લક્ષ્મીદાસભાઈ (માધાપર), સ્વ. કાંતાબેન રામજી પોમલના મોટા બહેન, ગૌરીબેન, લીલાવંતીબેનના નણંદ તા. ૧૪-૫ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૫ના શુક્રવારે સાંજે ૫થી ૬ સોની સમાજવાડી જૂનાવાસ (માધાપર) ખાતે.

**ટુંડા (તા. મુંદરા)** : કુંભાર અમીબાઈ (ઉ.વ. ૫૮) તે મ. કાસમના પુત્રી, હાજી આદમ, ઈબ્રાહીમ સુમાર, અબ્દુલ્લાહ, ઓસમાણ ગનીના બહેન તા. ૧૫-૫ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૭-૫ના શનિવારે સવારે ૯:૩૦થી ૧૦:૩૦ ઈબ્રાહીમશા પીરની દરગાહના કમ્પાઉન્ડમાં, ટુંડા ખાતે.

**માંડવી** : સુમરા હાજી આદમ અદ્રેમાન (ઉ.વ. ૭૫) તે મ. અલીમામદ, ઈબ્રાહિમ (પટેલ), યુનસ, અબુબકર, સિદિક, કાસમના મોટા ભાઈ, આમદ (બાવારો)ના મોટાબાપા, ઈસ્માઈલ (બાવાભા), રમજાન, શબ્બીરના પિતા, મ. હાજી ઈશાક હાજી ઈસ્માઈલ (ભુંગીવાળા), અનવર જાફર (સુખપર)ના સસરા, કૈશ, નાઈફહુશેન, અહદના દાદા, મુસ્તફા, મુનામ, મુખ્તાર, હાસિમના નાના તા. ૧૪-૫ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૭-૫ના શનિવારે સવારે ૧૦થી ૧૧ મદરેસા જમાલે મુસ્તફા, સુખપર, સુમરાવાસ ખાતે.

**નખત્રાણા** : સાવિત્રીબેન હરેશ શેખા (ઉ.વ. ૪૧) તે હરેશ લધારામ શેખાના પત્ની, સ્વ. ગંગાબેન લધારામ શેખા, બાબુલાલ ગાંગજી, શિવજી ગાંગજી, ભીમજીભાઈ નથુ, નયનાબેન ભવાનજી શેખાના પુત્રવધૂ, સ્વ. ફકુભાઈ ખજુરિયા રૂપાણી (કાદિયા)ના પુત્રી, તારાબેન પૂંજા ઐયર, શાંતાબેન મણિલાલ (જિયાપર), સ્વ. શારદાબેન ભવાન (નાના અંગિયા), ધનજી, બાબુલાલ, શાંતિલાલ (કાદિયા)ના બહેન, પૃથ્વી, દર્શન, ખુશાલીના માતા, ભદ્રેશ, બાદલ, હાર્દિકના કાકી, નર્મદાબેન, પ્રવીણાના ભાભી તા. ૧૪-૫ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ આગરી અને ઘડાઢોળ તા. ૧૭-૫ના શનિવારે સવારે ૧૦ વાગ્યે નિવાસસ્થાન રામદેવનગર, નખત્રાણા ખાતે.

**કોટડા-જ. (તા. નખત્રાણા)** : દેવશીભાઈ વાલજીભાઈ નાકરાણી (ઉ.વ. ૭૯) તે સ્વ. ગોમતીબેનના પતિ, અરવિંદભાઈ, કાંતિભાઈ, રેખાબેન (રાયપુર)ના પિતા, ચેતન, મયૂર, નિરાલી, રોશની, મોનિકા, ઉમા, માધુરીના દાદા તા. ૧૫-૫ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૧૬ અને ૧૭-૫ (બે દિવસ) સવારે ૮:૩૦થી ૧૦:૩૦ અને બપોરે ૩:૩૦થી ૫ નિવાસસ્થાન નાગનાથ મહાદેવ મંદિરની પાસે.

**કોઠારા (તા. અબડાસા)** મૂળ નાની વિરાણી લુહારવાઢા ગુલામહુસેન ઈસ્માઈલ (ઉ.વ. ૩૫) તે ઈસ્માઈલ જાનમામદના પુત્ર, હારૂન, જાકબ, ફકીરમામદ, સલીમના ભત્રીજા, જુસબ, અમીરના મોટા ભાઈ, અયાન, અરમાનના પિતા, ઉમર કાસમ (સણોસરા)ના ભાણેજ, મામદ ઈશાક (કોઠારા)ના જમાઈ તા. ૧૪-૫ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૭-૫ના શનિવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ નિવાસસ્થાન સિલ્વર પાર્ક સામે, કોઠારા ખાતે.

# અંજાર જૈન સમાજનું ગૌરવ



અંજાર : અહીંના વેલસ્પન વિદ્યા મંદિરમાં અભ્યાસ કરતી કુ. ઝલક કુણાલભાઈ શાહએ સીબીએસઈ બોર્ડમાં ધોરણ-૧૨માં સામાન્ય પ્રવાહમાં ૯૨% ગુણ પ્રાપ્ત કરી મહાશાળામાં બીજો નંબર પ્રાપ્ત કરેલ છે. તેમની આ સીધ્ધી બદલ તેમને ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે.



ગાંધીધામ તાલુકાના ભારાપર ગામના લોકોને આધારકાર્ડ અપડેટ અને રાશનકાર્ડમાં નવા નામ ઉમેરવામા થતી હેરાનગતિ ના થાય એના માટે ગાંધીધામ તાલુકાના કારોબારી સભ્ય ધનજી માલશી ભાઈ હુંબલ દ્વારા મામલતદારને લેખીત રજુઆત કરવામાં આવી. સારો પ્રતિસાદ અને જવાબ આપવામાં આવ્યો છે ભારાપર ગામના લોકોને મામલતદાર કચેરીના ધક્કા નહીં ખાવા પડે રોજના દસ નામ ઉમેરવામા આવશે.

# એમ્બ્યુલન્સના ડ્રાઈવરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવા માંગ કરાઈ

ગાંધીધામ : કચ્છના અંતરીયાળ વિસ્તારમાં જીવનદાયી સાબિત થયેલી એમ્બ્યુલન્સ સેવા જે ગામડામાં પોલિયો, રસીકરણ અને તાત્કાલિક સારવાર માટે સરકારી ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવે છે. તેને દોડાવા પાછળ ૧૨૦૦થી ૧૫૦૦ રૂપિયા જેટલો સામાન્ય ખર્ચ થતો હતો પરંતુ હવે આરોગ્ય વિભાગે આ એમ્બ્યુલન્સ સેવા ખાનગી એજન્સી ૧૦૮ને સોપવાનો નિર્ણય લીધો છે તે ગેરવ્યાજબી છે. આ નિર્ણયને ફેર વિચારણા કરવા રાજ્યના મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી સંલગ્ન કચેરીને જિલ્લા કોંગ્રેસના નિતેશ લાલણે લેખીતમાં રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ કમિશનર આરોગ્ય વિભાગ દ્વારા વર્તમાન સમયમાં એમ્બ્યુલન્સ ચલાવનાર સામાન્ય નાના મધ્યમ વર્ગના ડ્રાઈવરો ઘણા વર્ષોથી ડ્રાઈવિંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. અનુભવી ડ્રાઈવરો હોવાના કારણે ગમે તેવી મેડિકલ ઈમરજન્સીને પહોંચી વળી દર્દીઓને યોગ્ય સ્થાને પહોંચાડી માનવતા દાખવતા હતા. હાલમાં રાજ્ય સરકારના પરિપત્ર મુજબ ડ્રાઈવરો બાબતે કોઈ સ્પષ્ટતા કે વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ છે તેવો કોઈ ઉલ્લેખ કરાયો નથી માટે વર્તમાન ડ્રાઈવરોને એમ્બ્યુલન્સના ડ્રાઈવર તરીકે રાખવામાં આવવાથી તેમના પરિવારનું ગુજરાન થઈ શકશે તેના માટે લેવાયેલા નિર્ણયને ફેર વિચારણા કરી સ્પષ્ટા કરવા માંગ કરાઈ છે.

## કચ્છ કચ્છનોંધ

**ભુજમાં કપડા વિતરણ**

● ભુજમાં તા. ૧૬-૫ના જરૂરિયાતમંદ લોકોને તેમજ હાથ નહીં લંબાવી શકનારના નિવાસસ્થાનોએ જઈને કપડાનું વિતરણ હાટકેશ અંબિકા મહિલા મંડળ દ્વારા આપવામાં આવશે. જરૂરિયાતમંદ લોકોએ સાંજે ૬:૩૦થી ૭:૩૦ વાગે સંસ્કૃત પાઠશાળાનો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

**અંબાજી ખાતે રાત્રી પૂજા**

● ભુજ હાટકેશ સેવા મંડળ દ્વારા જૂન તા.૫, ૬, ૭ના અંબાજી રાત્રી પૂજામાં જોડાનાર તેમજ ગબ્બર ખાતે ઘી અર્પણ તેમજ વડનગર ખાતે પૂજન અર્ચન માટે જેમનું રજીસ્ટ્રેશન કરાવનાર તમામ ભક્તોને સંસ્કૃત પાઠશાળા ખાતે સાંજે ૬:૩૦થી ૭:૩૦ સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

**કચ્છમાં સંસ્કૃત કેન્દ્ર શરૂ કરાશે**

● ભુજની સંસ્કૃત પાઠશાળા દ્વારા કચ્છના ગ્રામ્ય વિસ્તારમાં સંસ્કૃત પ્રચાર કેન્દ્ર શરૂ કરવામાં આવશે. પુસ્તકો સંસ્થા દ્વારા અપાશે. વધુ માહિતી સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતેથી મેળવી લેવી. નાના બાળકોને તે માટે ગ્રામ્ય વિસ્તારમાં સંસ્કૃત પ્રચાર કેન્દ્ર શરૂ કરાશે.કાર્યમાં જોડાવા ઈચ્છિત વ્યક્તિઓને પ્રચારક તરીકે નિમણૂક અપાશે.

**ભુજમાં બાળકોને ભોજન કરાવાશે**

●સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળના ઉપક્રમે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં તા. ૧૭-૫ના બાળકોને ભોજન આપશે.

**કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા**

● સભ્યની બેઠક તા.૧૭-૫ના સાંજે ૫.૩૦વાગે નરસિંહ ભગવાન મંદિર, નવા સ્વામિનારાયણ મંદિર સામે યોજાશે.

# જો દેશ કા નહી, વો મેરે કીસી કામ કા નહીં..



ઓપરેશન સિંદુર મારફતે ભારતે પાકીસ્તાનને આતંકવાદ મુદ્દે જડબાતોડ જવાબ આપ્યો છે, દેશના સૈનિકોની જાબાંજીને સલામ કરવાના ભાગરૂપે તાજેતરમાં જ ભુજ ખાતે તિરંગા યાત્રાનું આયોજન કરાયુ હતુ. જેમાં મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી ભકતો જોડાયા હતા. જેમાં પશ્ચીમ કચ્છ હોમગાર્ડના કમાન્ડન્ટ મનીષભાઈ બારોટના નેતૃત્વ તળે તેમની સમગ્ર ટીમ પણ હાજર રહી અને દેશભકિતને વધુ બળવત્તર બનાવી હતી.









શ્રી અગ્રવાલ સમાજ ગાંધીધામ તથા શ્રી અગ્રવાલ સમાજ મહીલા મંડળ દ્વારા ઓસ્લો સર્કલની પાસે પુલ નીચે તડકા-તીવ્ર તાપને ધ્યાને રાખી અને ઠંડી છાશનું વિતરણ કર્યુ હતુ.

# શ્રી મામૈદેવ બગથળા યાત્રાધામ અંજાર મધ્યે ખડીયા યાત્રાની ઉજવણી





અંજાર : વર્ષોની પરંપરા મુજબ હાલે ખડિયા યાત્રાના સરતધારી શ્રી સંઘમુખી શ્રી ભાણજીડાડા મતિયા, શ્રી પૂંજાડાડા ભાગવત, શ્રી નાગશીડાડા મેગાણદ, શ્રી રામજીડાડા નાગશીપોત્રા સંઘ તા ૧૫-૦૫-૨૦૨૫ ગુરૂવાર ત્રીજના રોજ યાત્રીસંઘ નું આગમન અંજાર મધ્યે શ્રી મામૈદેવ બગથળા યાત્રાધામ મધ્યે થશે, રાતે ખડિયા જાત્રા સંઘ તેમજ પધારેલ મહેમાનો નો જમણવાર અંજારના રણમલભાઈ પારિયા પરીવાર તરફથી રાખેલ છે.તા ૧૬-૦૫-૨૦૨૫ રોજ ખડિયા યાત્રા સવારે ખડિયા છૂટશે, ચોશણ છૂટશે, ગોરગંગા નો નોણુ ગવાશે ત્યાર પછી સ્નાન કરીને ગિલી પોતથી સેવાપૂજા આરાધ થશે ત્યાર પછી સરતધારી ઓનો મૈઈશર પુજા (ફૂલચડાવવા) કરવામાં આવશે.

ત્યાર પછી એજ પહેરેલા વસ્ત્રે ખડિયા સત્તર કાંધે કરી ઓમારા ગ્યાન સાથે મંદિરમા પ્રવેશ કરી લોઢો (આસન) થશે અને કંગણ ભરી સરતની ઉજવણી પ્રસાદ વહેંચાવા આવશે, ત્યાર પછી નખકેશ (મુંડન) કરવામાં આવશે અને તલબારઈ કરવામાં આવશે જેમાં સંઘમુખી મૈઈશર થાશે ભાગવંત ડાબા હાથે ગુરી આપશે સત્તકુવર મેઘા લેખો આપશે.ગાયોને ચારો અને પક્ષીઓને ચણ અપાશે, બપોરના પારંપારીક ખીચડી ખાંડ ઘી નું સમુહ ભોજન સરતધારી તરફથી આપવામાં આવશે અને ત્યાર પછી લુણી ગણેશ દેવ ના દર્શન કરી યાત્રા પુર્ણ થયાની દાદાના ઉપકાર અર્ઘાશ કરી સર્વે સરતધારી પોતપોતા ના ઘરે ધર્મપંથ કરીને યથા દાન પુન કરીને ખડિયાયાત્રા સંપન્ન થશે.અંજાર મધ્યે યાત્રાધામના પુજારી ખીમજીદાદા માતંગ, શંભુભાઈ મારાજ અને સમાજના પ્રમુખ ખીમજીભાઈ પાલુભાઈ સિંધવ, ડાહ્યાલાલ બડગા, ખમુભાઈ માતંગ, હીરજીભાઈ નોરિયા, લાલજીભાઈ બડગા, મંગલજીભાઈ ઢેરા, ગોપાલભાઈ કોચરા અને સ્વયંસેવકો વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

## રત્નકણિકા

**સૌ સાથે વેર બાંધો પરંતુ પડોશી સાથે કદાપી વેર ન બાંધો..- ઇમર્સન**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૭, પા. દએ-૧૩૯૪, મુ. જીલ્કાદ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, વૈશાખ વદ-૪ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૧૦:૫૫ ક.) તા.૧૬ મે ૨૦૨૫, શુક્રવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૧૭, મૂળ નક્ષત્ર, સિધ્ધ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૧૦, સૂ.અ.૭:૨૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – મુંઝવણમાંથી માર્ગ મળે, કાર્યબોજ હળવો થાય, નાણાંકીય લાભ મળે.

**વૃષભ** – વાદવિવાદથી દૂર રહેવું, અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.

**મિથુન** – સંતાન અંગેની ચિંતા દૂર થાય, આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.

**કર્ક** – નવિન લાભની તક સાંપડશે, નવા આર્થિક આયોજનોને સફળતાથી પાર પાડી શકશો.

**સિંહ** – વ્યવસાયિક કાર્યોમાં સફળતા મળે, પારિવારીક જીવનમાં આનંદ રહે.

**કન્યા** – અગત્યના કાર્યમાં રૂકાવટ આવે, આરોગ્ય બાબતે ચિંતા અનુભવી શકાય.

**તુલા** – મનની મુરાદ બર ન આવે, કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.

**વૃશ્ચિક** – પ્રિયજન સાથે ચકમક ઝરે, મનમાં મૂંઝવણ રહે.

**ધન** – માનસિક શાંતિમાં વધારો થાય, કાર્યક્ષેત્રમાં યશની પ્રાપ્તિ થાય.

**મકર** – આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે, પડવાકજ-વાગવાથી સંભાળવું.

**કુંભ** – નવિન શુભ સમાચાર મળે, સામાજિક ક્ષેત્રે માન-પ્રતિષ્ઠામાં વધારો થાય.

**મીન** – પ્રિયજન સાથે મિલન-મુલાકાત સફળ નીવળે, ગૃહવિવાદ અંગે સંભાળવું.

## પોલીસતંત્ર-પૂર્વ કચ્છ આરટીઓ વક્રદ્રષ્ટી કરે

# - તો ગાંધીધામ સંકુલમાં અમુક હોસ્પિટલોની બહાર આંખલાછાપ તત્વોના એમ્બયુલન્સ સેવાના નામે લુંટના સાધનોનો થાય ખુલાસો

**વડોદરામાં તાજેતરમાં જ ફેક એમ્બયુલન્સનો થયો છે મોટો ખુલાસો : હોસ્પિટલની બહાર ઉભેલી એમ્બયુલન્સ માત્ર અને માત્ર પેસા ખંખેવારનું જ તુત કરતી હોવાનુ પકડાયું, નકલી સાઈરન, લાલ-ભુરી લાઈટ પોતાની રીતે લગાવી નિયમ વિરૂદ્ધ સંચાલકો દર્દીઓ પાસેથી ઉઘાડી લુંટ જ ચલાવતા હોવાનો થયો છે પર્દાફાશ : જો તપાસ થાય તો ગાંધીધામમાં પણ અમુક બની બેઠેલા તત્વોના એમ્પુલન્સ દ્વારા સેવાના નામે ખુદના મેવા ખાવાના જ ખુલે કાવતરાં**

**ગાંધીધામમાં તો ગાયોના નામે ચરી ખાનારા અમુક બની બેઠેલા આંખલાછાપ તત્વો આરોગ્યક્ષેત્રમાં પણ એમ્બયુલન્સની સેવાના નામે લુખ્ખીદાદાગીરી જ કરી ખાનગી ટ્રાવેલ્સની જેમ ભાડાની કરે છે વસુલાત : નામ સેવાનું અને કામ મેવાનુ : કોરાના કાળથી લઈ અને અત્યાર સુધીમાં આવા બની બેઠેલા આંખલાછાપ તત્વો આડેધડ કઈક દર્દીઓની મજબુરીનો ઉપાડી ચુકયા છે ગેરલાભ : જાણકારોની લાલબત્તી**

ગાંધીધામ : ગુજરાતન વડોદરા શહેરમાં તાજેતરમાં જ સયાજી હોસ્પિટલ બહાર મોટાભાગની એમ્બ્યુલન્સ નકલી હોવાનો ઘટસ્ફોટ થવા પામી ગયો છે. રીતસરનું અહી પૈસા ખંખેરવાનું જ કારસ્તાન આખું ચાલતુ હોવાનો ચોકાવનારો ખુલાસો સામે આવવા પામી ગયો છે. સંખ્યાબદ્ધ એમ્બયુલન્સની ફીટનેશ જ નથી, તંત્રના આર્શીવાદથી આ બધુ જ ચાલી રહ્યુ હોવાની વાત સામે આવી ગઈ છે. આરટીઓ તંત્રમા મોટરકાર અને મોટરકેબ તરીકે જે નોધાયેલી હોય તેવી ગાડીઓ એમ્બયુલન્સ તરીકે દોડાવાઈ રહી હતી.જે રીતે વડોદરામાં નકલી-ફેક એમ્બયુલન્સ અને તેના નામે રીતસરના નાણા ખંખેરવાનુ કારસ્તાન જ બહાર આવવા પામી ગયુ છે તેવી જ રીતે તો પૂર્વ કચ્છમાં પણ પોલીસતંત્ર અને આરટીઓ વીભાગ સંયુકત રીતે તવાઈ બોલાવે તો ખાસ કરીને ગાંધીધામ કોમ્પલેક્ષમાથી પણ આવી જ નકલી-ફેક એમ્બયુલન્સ તથા એમ્બયુલન્સ સેવાના નામે નાણા ખેંરવાનું અહીના પણ આંખલાછાપ તત્વોના કારનામાનો પર્દાફાશ થવા પામી જાય તેમ મનાય છે.

જાણકારો કહે છે કે, અહી પણ આંખલાછાપ અમુક તત્વો આ જ રીતે એમ્બયુલન્સના નામે સેવા કરવાનુ નાટક દેખાડી અને મેવા જ રડી રહ્યા છે. ગાંધીધામ સંકુલમાં પણ આ આખલાછાપની એમ્બયુલન્સના અમુક હોસ્પીટલોની બહાર લુખ્ખી દાદાગીરી પૂવક ખડકલો જ રહેવા પામતો હોય છે. જે પૈકીની મોટાભાગની એમ્બયુલન્સ નકલી જ હોવાનુ મનાય છે. તેની એમ્બ્યુલન્સમાં ઓકિસજન-મેડીકલ કીટ જેવુ તો કઈ હોતુ જ નથી. આ એમ્બયુલન્સમાં ફીટનેશના પણ કોઈ ઠેકાણા નથી હોતા, સાઈરન નથી હોતું, લાઈટ મનસ્વી રીતે લાલ-ભુરી લગાડી અને નીકળી પડે છે. કેટલોક આખો બોલો વર્ગતો એમ જક હી રહ્યો છે કે, ગાંધીધામ સંકુલમાં જે આંખલાછાપ તત્વ છે તેની એમ્બયુલન્સ તો દેખાડવાના જ દાંત બરાબર છે, તેના ચાવવાના દાંત તો બીજા જ છે. તેને અહી દર્દીઓની સેવા કરવામાં કોઈ જ રસ નથી પરંતુ દર્દીઓની મજબુરીનો આ આંખલો કેવી રીતે લાભ ઉપાડી શકે તેની જ તાસકમાં રહેતો હોય છે. હકીકતમાં એમ્બલ્યુનસના બધાય જ ભાવ ફિકસ રહેતા હોય છે, તે ભાવપત્રક આ આંખલાછાપ શખ્સની એમ્બયુલન્સ પર હોતુ જ નથી, તેના કોઈ જ નામ-ઠામ પણ દશાવવામા આવતા નથી, મજબુરીવશ કોઈ દર્દી આ શખ્સ પાસે પહોચી ગયો એટલે બસ તેને લુંટી જ લેવાની ફીરાકમાં હોય છે. કહેવાય છે કે, આ આંખલાછાપ શખ્સની એમ્બયુલન્સમાં તો ઉચ્ચક ભાડા જ વસુલાવામાં આવતા હોય છે. જેનાથી દર્દીની હાલત કફોડી થઈ જવા પામતી હોય છે. મજબુર વશ દર્દી પણ કરે તો શું કરે, આવા આંખલાછાપ નકલી એમ્યુલન્સવાળા જ અમુક હોસ્પિટલોમાં પોતી લુખ્ખાગીરી અને દાદાગીરીથી અન્યો સાચી એમ્યુલન્સવાળાને ઉભવા જ નથી દેતા. યેન કેન પ્રકારે તેમને ભગાડી અને પોતો જ ગોઠવાઈ જતા હોય છે. એકતરફ દર્દીની સ્થિતી નાજુક રહેલી હોય છે તો બીજીતરફ એ જ દર્દીને તેના સબંધી સાથે આવા આંખલાછાપ અમુક તત્વોની નકલી તથા એકસપાયર થયેલી અને વગર ફીટનેશવાળી એમ્યુલન્સમાં નાછુટકે મુસાફરી કરવાની જોખમી ફરજ પડવા પામતી હોય છે. કહેવાય છે કે, જો તપાસ કરવામા આવશે તો આંખલાછાપ શખ્સની એમ્બયુલન્સ તરીકે રજીસ્ટ્રેશન પણ નહી મળે. સંકુલનો વર્ગ કહી રહ્યો છે કે, એમ્બયુલન્સમાં સેવાના નામે મેવા જ રહડી રહેલ આ આંખલાછાપ શખ્સ જયા ત્યાં કોઈ મોટા અધિકારીઓ આવે તો તેમની સાથે આગળની હરોળમાં ખુરશી પર મોટો સેવાભાવી હોય તેમ ગોઠવાઈ જાય છે. હકીકતમાં ગાંધીધામ સંકુલની ભોળી પ્રજાએ પણ હવે જાગવુ જોઈએ, અને આવા આંખલાછાપ શખ્સને ઓળખી લેવો ઘટે. જે રીતે વડોદરામાં થવા પામયુ છે તે જ રીતે ગાંધીધામ સંકુલમાં પણ આવા બની બેઠેલા આંખલા છાપ તત્વોના પણ એમ્બયુલન્સના બહાને ચાલતા લુંટ-ફાંટના સાધનો-દુકાનો મામલે પણ પોલીસ અને આરટીઓ તંત્ર તપાસ કરે તો ભાંડાફોળ થતા વાર નહી થાય અને જો એમ થાય તો કઈક ભોળી અને નીદોર્ષ દર્દી પ્રજાઓને પણ આવા તત્વોના ચુંગાલમાથી મુકતિ મળવા પામશે તેની સાથોસાથ જ હોસ્પિટલનીબહાર જેઓ સાચી રીતે એમ્યુલન્સ રાખી અને દદીની સેવા કરવા માંગી રહ્યા છે તેઓને પણ સ્થાન મળવા પામી શકે તેવુ સંકુલનો પ્રબદ્ધવર્ગ કહી રહ્યો છે.

## ગાંધીધામ આવતો ૫૪ લાખનો દારૂ આણંદમાં પકડાયો

**વાહનના સ્પેરપાર્ટની આડમાં પંજાબથી વિદેશી દારૂનો જથ્થો લવાયો હતો : ચાલકની ધરપકડ કરાઈ**

ગાંધીધામ : આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે આંકલાવ-આસોદર ચોકડી નજીક વાસદ તરફના બ્રીજના છેડેથી એક કન્ટેનરને ઝડપી પાડીને વાહનના સ્પેરપાર્ટની આડમાં લવાયેલી વિદેશી દારૂ-બીયરની ૪૯૨ પેટી જપ્ત કરીને ડ્રાયવરની ધરપકડ કરી હતી. તપાસ દરમ્યાન આ દારૂ ગાંધીધામ લઈ જવાતો હોવાનું ખુલ્યું હતું.

પોલીસને માહિતી મળી હતી કે હરિયાણા પાસીંગના એક કન્ટેનરમાં મોટાપાયે વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે. જેથી પોલીસની ટીમ આંકલાવ-આસોદર ચોકડી નજીક આવેલા વાસદ તરફના બ્રીજના છેડે ગોઠવાઈ એ દરમ્યાન એક કન્ટેનર એચઆર-૩૮ વી-૦૬૨૪ આવી પહોંચતા પોલીસે તેને રોકીને ડ્રાયવરને પુછતાં અંદર સ્પેરપાર્ટસ ભરેલા હોવાનું જણાવ્યું હતુ. અને તે અંગેની બીલ્ટી પણ બતાવી હતી. પરંતુ પોલીસે શંકાને આધારે કન્ટેનરના પાછલો દરવાજો ખોલાવીને અંદર તપાસ કરતા સ્પેરપાર્ટની પાછળના ભાગે વિદેશી દારૂ-બીયરની પેટીઓ ગોઠવેલી મળી આવી હતી. જેથી પોલીસે પકડાયેલા ડ્રાયવરનું નામઠામ પુછતાં તે ઝુંઝારામ સોનારામ ચૌધરી (રે. ખંડીન, રાજીવનગર, બાડમેર, રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતુ. તેની પાસે વિદેશી દારૂની હેરાફેરી કરવા અંગે લાયસન્સની માંગણી કરતી નહીં હોવાનું જણાવ્યું હતુ. જેથી પોલીસે આંકલાવ પોલીસ મથકે કન્ટેનરને લઈ જઈને વિદેશી દારૂની પેટીઓ નીચે ઉતારીને ગણતરી કરતા કુલ ૪૯૨ થવા પામી હતી. જેની કિંમત ૫૪,૨૭,૪૫૬ રૂપિયા જેટલી થવા જાય છે.

પોલીસને તેની અંગજડતીમાંથી એક મોબાઈલ ફોન મળી આવતાં ટ્રક સાથે કુલ ૬૨,૬૨,૪૫૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો પોલીસે પકડાયેલા ડ્રાયવરની પુછપરછ કરતા ઉક્ત વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાનના ખદીન ગામે રહેતા મહેશગીરી ગોસ્વામીએ ભરવા માટે પંજાબના અમૃતસર ખાતે મોકલી આપ્યો હતો. જ્યાંથી વિદેશી દારૂ ભરેલું કન્ટેનર લઈને તે ગાંધીધામ ખાતે ડીલીવરી આપવા માટે જતો હોવાની કબુલાત કરી હતી.

### ગૃહમંત્રી હર્ષ સંઘવીનો એક્શન પ્લાન

# કચ્છ સહિત રાજ્યમાં પરપ્રાંતિય કામદારોના ઓળખ દસ્તાવેજ ચકાસશે પોલીસ

**ગૃહમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજ્યના પોલીસ અધિક્ષકો સાથેની બેઠકમાં લેવાયો નિર્ણય : સરહદી કચ્છ જિલ્લાના તમામ નોકરીદાતાઓ સરકાર અને પોલીસને આપે સંપૂર્ણ સહકાર**

**સરહદી કચ્છમાં દેશના તમામ રાજ્યોમાંથી કામદારો - શ્રમજીવીઓ રોજગાર અર્થે કરી રહ્યા છે વસવાટ : પરપ્રાંતિયોની વસ્તી સાથે જિલ્લાના ક્રાઈમ રેટમાં પણ થયો છે વધારો**

**ગુજરાત સરકાર કામદારોની ઓળખ ચકાસણી માટે તૈયાર કરી રહી છે માનક સંચાલક પ્રક્રિયા (એસઓપી)**

**જિલ્લામાં રોજગાર અર્થે વસવાટ કરતા કામદારોના બી-રોલ ભરવા કચ્છ ઉદયમાં વખતોવખત 'માનક સંચાલન પ્રક્રિયા'માં ઝીલાયું પ્રતિબિંબ : નોકરી-ધંધાના બહાને કોઈ રાષ્ટ્રવિરોધી તત્ત્વો કચ્છમાં રહી જિલ્લાની સુરક્ષા વ્યવસ્થાની રેકી કરી ન જાય તે જોવું સુરક્ષા એજન્સીઓ માટે પડકારરૂપ : ગૃહમંત્રાલયની નવી કવાયત રાષ્ટ્રીય સુરક્ષા એજન્સીઓ માટે બનશે મદદરૂપ : જાગૃત કચ્છવાસીઓએ વ્યક્ત કર્યો મત**

ભુજ : ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષના પગલે ગુજરાત સરકાર પરપ્રાંતિય કામદારોની ઓળખ ચકાસવા માટે એક ખાસ માનક સંચાલક પ્રક્રિયા (એસઓપી) તૈયાર કરી રહી છે. દરેક નોકરીદાતાએ તેમના કામદારોના ઓળખ દસ્તાવેજોની નકલ સ્થાનિક પોલીસને સબમીટ કરાવવાની રહેશે. કચ્છ જેવા સરહદી ક્ષેત્રના નોકરીદાતાઓ આ પ્રક્રિયામાં સરકારને સંપૂર્ણ સહકાર આપે તે ઈચ્છનીય છે. વર્ષ ૨૦૦૧માં આવેલા વિનાશક ભૂકંપ બાદ કચ્છનો સર્વાંગી વિકાસ થતાં ઔદ્યોગિક, બંદરીય, વાણિજ્ય અને પ્રવાસન ક્ષેત્રે રોજગારીની તકોનું સર્જન થયું છે, જેના પગલે કચ્છ જિલ્લામાં દેશના તમામ રાજ્યોમાંથી કામદારો - શ્રમજીવીઓ રોજગાર અર્થે કચ્છમાં આવી રહ્યા છે. જ્યાં એક તરફ કચ્છમાં પરપ્રાંતિયોની વસ્તી વધી છે ત્યાં બીજી તરફ જિલ્લાનો ક્રાઈમ રેટ પણ વધ્યો છે. વિતેલા બે દાયકા દરમ્યાન ભૂતકાળમાં કચ્છમાં ન બન્યા હોય તેવા લૂંટ, હત્યા, બળાત્કાર સહિતના ગંભીર પ્રકારના ગુનાઓનો ગ્રાફ ઉંચકાયો છે.

કચ્છ ઉદયના અહેવાલોમાં અવાર નવાર જિલ્લામાં રોજગાર અર્થે વસવાટ કરી રહેલા પરપ્રાંતિયોના બી-રોલ ભરવાની પ્રક્રિયા કરવામાં આવે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કચ્છ એક સરહદી જિલ્લો હોવાથી દેશની સુરક્ષા બાબતો સાથે સીધી રીતે સંકળાયેલ પ્રદેશ છે. નોકરી-ધંધાર્થે હજારોની સંખ્યામાં પરપ્રાંતિયો કચ્છમાં વસવાટ કરે છે ત્યારે નોકરી-ધંધાના બહાને કોઈ રાષ્ટ્રવિરોધી તત્ત્વો કચ્છમાં રહી જિલ્લાની સુરક્ષા વ્યવસ્થાની રેકી કરી ન જાય તે જોવું સુરક્ષા એજન્સીઓ માટે પડકારજનક છે તેવામાં રાજ્યના ગૃહમંત્રાલયે ખાસ એસઓપીની જે યોજના બનાવી છે તેની સચોટ અમલવારી સુરક્ષા એજન્સીઓ માટે મદદરૂપ પુરવાર થશે તેવું કચ્છના પ્રબુદ્ધ નાગરિકો જણાવી રહ્યા છે.

કચ્છમાં પરપ્રાંતિયોને નોકરીએ રાખતા વ્યવસાયકારો, ઉદ્યોગકારો પોતાના કામદારોની સંપૂર્ણ વિગત તેમના ઓળખના દસ્તાવેજો સાથે સ્થાનિક પોલીસને સોંપે તે જરૂરી છે. રાજ્યના ગૃહ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, કામદારો જો બનાવટી દસ્તાવેજો પૂરા પાડશે તો નોકરીદાતા જવાબદાર રહેશે નહીં, તેથી કોઈપણ ભય રાખ્યા વિના પોતાની ફરજને રાષ્ટ્રીય ફરજ સમજી સરકારને સહકાર આપવા જાગૃત નાગરિકો કચ્છવાસીઓને ટકોર કરી રહ્યા છે.

અત્રે નોંધનીય છે કે, મંગળવારે રાજ્યના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીએ ટોચના પોલીસ અધિકારીઓની બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં કમિશ્નર અને જિલ્લા અધિક્ષકો પણ હાજર રહ્યા હતા. આ બેઠકમાં માનક સંચાલન પ્રક્રિયાને ઈમ્પિલિમેન્ટ કરવા માટે મનોમંથન કરાયું હતું. રાજ્યના ગૃહમંત્રીના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ નવી માર્ગદર્શિકા અંગેની સૂચનાઓ તમામ પોલીસ અધિક્ષકોને મોકલવામાં આવી છે. ગૃહવિભાગ દ્વારા એક એસઓપી પણ તૈયાર કરવામાં આવી રહી છે

અનુસંધાન પાના નં.૫ પર

## મીઠીરોહરની મહિલાને મહેસાણાના સાસરીયાઓનો ત્રાસ : અડધી રાત્રે ઘરમાંથી હાંકી મુકાઈ


**ભુવા પાસે લઈ જઈ વાળ ખેંચાવી માર મારવા સાથે દહેજની માંગણી કરાઈ**

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં મહિલાઓને ત્રાસ આપવાના બનાવોમાં વધારો થયો છે, ત્યાં ગાંધીધામના મીઠીરોહરમાં રહેતા અને મહેસાણા પરણેલા મહિલાને ત્રાસ આપવામાં આવતા આદીપુર મહિલા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ફરિયાદી બંસીબેનના જણાવ્યા પ્રમાણે આરોપી પતિ જીગ્નેશભાઈ વાડીલાલ પટેલ, સાસુ ભગવતીબેન, સસરા વાડીલાલ, જેઠ મુકેશકુમાર અને જેઠાણી પલ્લવીબેન દ્વારા ત્રાસ આપવામાં આવ્યો હતો. આરોપીઓ અવારનવાર ઘરની નાની નાની બાબતોમાં મહિલાને શારીરિક - માનસિક ત્રાસ આપતા તેમજ મારકુટ કરી અવારનવાર ભુવા પાસે લઈ જઈ ધુણાવતા હતા. જેના કારણે ફરિયાદીને માનસિક વ્યથા પહોંચી છે. ફરિયાદીના વાળ ખેંચી અવારનવાર ગાલ પર થપ્પડ મારી સાસુ અને જેઠાણી દ્વારા ત્રાસ ગુજારવામાં આવ્યો, જેઠે પરિણીતાને હમણા જ ઘરમાંથી કાઢી મુકો કહી રાતના બાર વાગ્યે કાઢી મુકવાનું કહેતા ફરિયાદીએ અડધી રાત્રે કયાં જાઉં. સવારે જતી રહીશ તેમ કહેતા પતિએ ઘરમાંથી કાઢી મુકી અવારનવાર દહેજની માંગણી કરી ત્રાસ આપ્યો હતો. જેથી ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ તરફ ગાંધીધામના ગણેશનગરમાં રહેતા દમયંતીબેને આદીપુર મહિલા પોલીસમાં તેના પતિ અનિલભાઈ બાબુભાઈ દનીચા, સાસુ કમળાબેન, નણંદ મોનાબેન, નણંદ સપનાબેન, હીનાબેન સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ દ્વારા લગ્ન જીવન દરમ્યાન ત્રાસ આપવામાં આવ્યો. સાસુ અને નણંદ દ્વારા પતિની ચઢામણી કરાતા પતિ દ્વારા મારકુટ કરવામાં આવતી હતી. ફરિયાદી પતિ સાથે રહેવા માંગે છે. પરંતુ પતિ પત્નિ સાથે રહેવા તૈયાર નથી. જેથી આદીપુર મહિલા પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય





રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૭ લાખથી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૭૧ કરોડ જનસંખ્યાને

મે-૨૦૨૫ માસમાં મે અને જૂન-૨૦૨૫ મહિનાનું વિતરણ તારીખ ૩૧/૦૫/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત મે-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત જૂન-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

મે-૨૦૨૫ રાજ્ય સરકારની ખાંડ, મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.₹ |
|---|---|---|---|---|
| ૧ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૨ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૩ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

અગત્યની સૂચના

- મે માસમાં PMGKAY (NFSA) યોજના હેઠળનો મે અને જૂન માસનો ઘઉં અને ચોખાનો જથ્થો તથા રાજ્ય સરકાર તરફથી વિતરીત કરવામાં આવતા મે માસના ખાંડ અને મીઠાના જથ્થાનું વિતરણ મે માસમાં કરવામાં આવશે. જેના માટે દરેક કાર્ડધારકે કુલ-૩ વાર આધાર આધારિત ઓથેન્ટિકેશન કરવાનું રહેશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે.


### યુદ્ધવિરામ, હવે ફરી ગુજરાત ભાજપમાં સંગઠનનો આંતરીક સળવળાટ

# કચ્છમાં ૧ મહિલા તો આવશે જ, એ તો નકકી જ છે, હવે કોની થાય છે દવા? જૈન-લોહાણા કે અન્ય? ધબકારા વધ્યાં..!

**રાષ્ટ્રીય-પ્રદેશ સંગઠનની સાથે કચ્છ જીલ્લામાં પણ આતંરીક રીતે જો અને તોના ચોગઠાઓની ગોઠવણીઓ થઈ શરૂ : જો અને તોના સમીકરણોની રાજકીય પક્ષમાં જામી ચર્ચા : જો કે આ તો ભાજપ છે, કોથરામાથી બિલાડું પણ કાઢી જાણે તો નવાઈ નહી**

**ઉપર દવા કરવાની થશે તો જૈનને પ્રાથમીકતા મળશે, જાતીગત સમીકરણોમાં લોહાણા સમુદાયમાંથી ફેરબદલ કરે તો તેમાથી મહીલા આવે, પણ એક મહીલા આ વખતે ચોકકસથી સંગઠનમાં આવે છે, જો કે, આ તો પછી સરપ્રાઇઝ આપતું ભાજપ છે, તેમાં અંતિમ નિર્ણય તો કોઈ અગાઉથી કહી ન શકે, જે જાગતો રહેશે તે સુખી થશે, જે ઉંઘતો રહેશે તેનુ પત્તુ કપાઈ શકે છે : રાજકીય તજજ્ઞોનો ઈશારો**

ગાંધીધામ : વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી ભારતીય જનતા પક્ષમા રાષ્ટ્રીય પ્રમુખ ઉપરાંત પાંચથી વધુ રાજયોના પ્રદેશ પ્રમુખ ઉપરાંતના સંગઠન માળખાને લઈને નિર્ણાયક કાર્યવાહી ચાલી રહી છે તે વચ્ચે જ ભારત અને પાકીસ્તાન વચ્ચે કથિત યુદ્ધની સ્થીતી સર્જાતા સ્વભાવિક રીતે જ દેશ પ્રથમનુ સુત્ર આપનાર પાર્ટી ખુદ એ જ કાર્યોમાં પેરાવાઈ જાય તેમ સરકારે દેશની સલામતીને પ્રાથમિકતા આપી હતી. હવે ભારત-પાકીસ્તાન બન્ને વચ્ચે સીઝફાયર યુદ્ધવિરામ સહમતી થાવ પામી ગઈ છે અને દેશ ધીમે ધીમે ફરીથી રાબેતામુજબ ધમધમી ઉઠયો છે ત્યારે જાણકારો અને રાજકીય તજજ્ઞો કહી રહ્યા છે કે, હવે ફરીથી સંગઠન માળખાને અંતિમ ઓપ આપવાની દીશામાં પણ આંતરીક તૈયારીઓ હાથ પર લેવાઈ શકે છે. યુદ્ધની સંભવત સ્થિતી વચ્ચે જ ગુજરાતમાં પણ સી આર પાટીલ અને સીએમ ભુપેન્દ્ર પટેલની વચ્ચે પણ બંધબારણે એકાદ કલાક જેવી લાંબી ચર્ચા બેઠકો પણ યોજાઈ જવા પામી ગઈ છે જે ખુબ ઓછા લોકોના ધ્યાને પણ આવવા પામી છે ત્યારે કચ્છના રાજકીય બેડામાં પણ આંતરીક ગતીવીધીઓ મામલે જો અને તોના સમીકરણો સાથે ચર્ચા થવા પામી રહી છે.

કચ્છના સમગ્ર સંગઠન માળખાને લઈને તો હજુ કઈ પણ કહેવુ ઘણું વહેલું જ કહી શકાશે પરંતુ એક સર્વવ્યાપી જે ચર્ચાએ જોર પકડયુ છે તેની જો વાત કરીએ તો કહેવાઈ રહ્યુ છે કે, આ વખતે સંગઠનમાં ૧ મહીલાને ચોકકસથી મહત્વપૂર્ણ સ્થાન મળવા પામશે. પક્ષના ચાવીરૂપ પદ પર આ વખતે મહીલાને પ્રાધાન્ય આપવામાં આવી શકે છે તેમ મનાઈ રહ્યું છે. ઉપર જો કોઈની દવાઓ કરવાની થશે તો અહી જૈનને પ્રાધાન્ય આપી શકાય છે, લોહાણા સમુદાયમાં કોઈ ફેરફાર કરવાના આવશે તો તેમાથી કોઈ મહીલાને તક મળી શકે છે, પછી તો આ ભાજપ છે, છેલ્લુ શું નિર્ધારીત કરે તે કોઈ કળી શકતુ હોતુ નથી પરંતુ એક વાત ચોકકસ અને નકકી મનાઈ રહી છે કે, એક મહીલાને સ્થાન મળશે ખરૂ..એક મહીલા આવે છે તે નિંશ્રિત જ છે. હવે તેમા દવા કોની થશે, કઈ રીતે અને કયા સમીકરણે તથા કોના દ્વારા તેને લઈને પણ કઈકના ધબકારાંઓ પણ હવે વધી રહ્યા હોવાનુ મનાય છે. કહેવાય છે કે, જે જાગતો રહેશે તે સુખી થશે, જે ઉંઘતો રહેશે તેનુ પત્તુ કપાઈ શકે છે અને તેને દુખી થવાનો પણ વારો આવી શકે છે. હાલમાં રાજકીય બેડામાં આવી ચર્ચાએ આંતરીક રીતે ભારે ગરમાવો વ્યાપી દીધો છે.